Since 1925...

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૨૧ • અંક : ૦૩ • તા. ૧૫ જાન્યુઆરી ૨૦૧૮ થી ૨૧ જાન્યુઆરી ૨૦૧૮ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCS/217/2018-20

॥ શ્રી ॥

શ્રી અચલગચ્છાધિપતિ રાજરાજેશ્વર, પુણ્યશ્લોક, વચનસિધ્ધ શ્રીપૂજ,

પ.પૂ.ભટ્ટારક શ્રીમદ્ શ્રી જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.ના પ્રશિષ્ય

પ.પૂ. યતિશ્રી મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ સાહેબની

## ૭૪મી વરસગાંઠ નિમિત્તે પરમપૂજ્ય ગુરૂદેવને કોટી કોટી વંદના

: જન્મ :
વસંતપંચમી વિ.સં. ૨૦૦૦,
મહાસુદ-૫,
સ્થળ : કોટડા (રોહા) કચ્છ



: યતિ દીક્ષા પ્રદાન :
સંવત ૨૦૩૯, વૈશાખ સુદ ૧૦,
રવિવાર, તા. ૨૨-૫-૧૯૮૩
સ્થળ : ઘાટકોપર, મુંબઇ

## પ.પૂ. મોતીસાગરજી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ સાહેબ

ક.દ.ઓ. જ્ઞાતિમાં પ્રગટાવે જ્યોતિ, ગુરૂવર દર્શન વંદન કોટી,
લાવે વધામણે માણેક મોતી, અજર-અમર રહો ઝગમગતી જ્યોતિ, - અમી

ધ્યાન મૂલં ગુરોમૂર્તિઃ પૂજા મૂલં ગુરોઃ પદમ્ ।
મંત્ર મૂલં ગુરોર્વાક્યેઃ, મોક્ષમૂલં ગુરોઃ કૃપા ॥
અજ્ઞાન તિમિરાન્ધાનામ્, જ્ઞાનાજંન શલાકાયા ।
નેત્રં ઉન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરૂવે નમઃ ॥

શતાયુ હો હમારા ગુરૂ ભગવંત

શુભેચ્છક : માતુશ્રી મુરબાઇ વિશનજી શિવજી લોડાયા પરિવાર વતી (જખૌ-બાંઢીયા-મુલુંડ)

અ.સૌ. પ્રભા હેમેન્દ્ર લોડાયા • અ.સૌ. પૂર્વી દિપક લોડાયા • જયા હેમેન્દ્ર લોડાયા • કવિશ દિપક લોડાયા

## પ્રથમ જન્મ વર્ષગાંઠની હાર્દિક શુભેચ્છા






### ચિ. રીત્વી - (જન્મ દિન - ૨૧ જાન્યુઆરી)

મમ્મી- પપ્પા : શ્રીમતી ધર્મિતા અનુજ લોડાયા
(રવા-ડોંબિવલી)
દાદાણા : શ્રીમતી હંસાબેન ગિરીશ લોડાયા (રવા)
નાનાણા : શ્રીમતી ગીતાબેન કિરીટ લોડાયા (સાંયરા)
ફૂઇ : અ.સૌ. જીજ્ઞા રાકેશ છેડા, અ.સૌ. પ્રજ્ઞા પરાગ મેપાણી
માસી : કુ. સૃષ્ટિ કિરીટ લોડાયા   ભાઇ : પ્રથમ, સૌમ્ય


Kalptaru DiagnOstics
Diagnose To Get Well Soon
➢ Pathology Lab (All Blood Test)
➢ Digital X-Ray ➢ E.C.G.
➢ Digital O.P.G (DR HF Quality)
Kopar Road, Dombivli (W)
8425953209
9769484984
Wishes You Happy New Year - 2018


## હાર્દિક અભિનંદન

### L.I.C. ક્ષેત્રે મેરેથોન સફળતાના સર્જક

CELEBRATING 25 Years VALUED SERVICES



MDRT
सदस्य अभिकर्ताओं के लिये अध्यक्ष क्लब
MEMEBER CHAIRMAN'S CLUB FOR AGENTS

### શ્રી પ્રવીણ કુંવરજી મોતા (સાંધવ-ડોંબિવલી)

અલ્પ સમયમાં L.I.C. ક્ષેત્રે ગ્રાહકોના હિતને નજર સમક્ષ રાખીને પરિણામલક્ષી સર્વીસ સાથે વિક્રમ સર્જક પોલીસીઓ તથા પ્રિમીયમ વડે L.I.C. દ્વારા સતત ૮માં વર્ષે મિલિયન ડૉલર રાઉન્ડ ટેબલ અમેરિકા (M.D.R.T.) એજન્ટનું બિરૂદ હાંસલ કરેલ છે.

વિમા ક્ષેત્રે ૨૫ વર્ષ અવિરત સેવામાં અર્પણ કરેલ છે. તે માટે અમો પરિવારજનો ધન્યતા અનુભવીએ છીએ.જીવન વિમા ક્ષેત્રે હજી પણ સફળતાના શિખરો સર કરો એવી શુભેચ્છાઓ સહ....

**માતુશ્રી મણીબાઈ કુંવરજી ખીમજી મોતા પરિવાર** (સાંધવ-ડોંબિવલી)
**માતુશ્રી ભચીબાઈ જવેરચંદ રતનશી લોડાયા પરિવાર** (કોઠારા-ગાંધીધામ)

## ફુલ ગયું ને ફોરમ રહી



જન્મ : તા. ૨.૪.૧૯૫૫
દેહ વિલય : તા. ૨૦.૧.૨૦૧૫

### હિરાચંદ કેશવજી ડાઘા

ગામ : દલતુંગી - હાલ : વડાલા

પરિવાર જેમનું મંદિર હતું, કર્મ એમનું કર્તવ્ય હતું,
સ્નેહ એમની શક્તિ હતી. પરમાર્થ જેમની ભક્તિ હતી,
કરૂણા જેમના હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતું,
કોઈના દુ:ખે દુ:ખી અને કોઈના સુખી
એવો તમારો જીવનમંત્ર હતો.

ઓ દિવ્યઆત્મા આપ જ્યાં હો ત્યાં પરમ સુખ શાંતિ
અને ઉચ્ચ ગતિ પામો એજ
**માતુશ્રી વિજયાબેન કેશવજી ડાઘા પરિવાર**ની
પ્રભુ ચરણે પ્રાર્થના...

## અવિસ્મરણીય પદમશીભાઈ ધરમશી (ગુરૂજી) (કોઠારા)ને ભાવભરી આદરાંજલી



જન્મ : તા. ૧૪/૪/૧૯૩૮
પ્રયાણ : તા. ૪/૧/૨૦૧૮

સૃષ્ટીના નિયમ પ્રમાણે સમયની રેતી સરકી ગઈ.
અંત સમય સુધી છેલ્લાં સત્તાવન વર્ષથી
બાગલકોટ મધ્યે કે.ડી.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ
સંચાલીત દેરાસરમાં નિ:શુલ્ક સેવા આપી
એક આદર્શ કૃતિશીલ જીવન સંધ્યા વિલિન થઈ ગઈ.

''સ્મૃતિ આપની અમર રહેશે,
પરમાત્માને કરીએ પ્રાર્થના,
આપના ધર્માત્મા પામે સિધ્ધગતી,
એજ અમારી અર્ચના''

એજ... **કે.ડી.ઓ. જૈન મહાજન ટ્રસ્ટ**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
ઉદયન લાલજી શાહ



**અંક નં. 03/2018**



**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com



નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.


# કરાડ જ્ઞાતિનો સમાવેશ

સને ૧૮૧૫નાં ગાળામાં અબડાસામાં હિંદુ ધર્મ પાળતી મૈશેરી જ્ઞાતિની જનસંખ્યા આશરે ૬૫ જેટલા પરિવારોની રહી. આ કારણે આ સમુદાયના આગેવાનોને વિચાર આવ્યો કે અન્ય ધર્મોની સરખામણીએ પોતાની નાની જ્ઞાતિનું સ્થાન ન જેવું છે. સગપણ લગ્ન વહેવાર જેવા પ્રસંગોએ પણ ખૂબ તકલીફો હતી. ક્યારેક તો નજીકના સગાઓમાં જ લગ્નો કરવાં પડતાં. તેમને આ પરિસ્થિતિનો એક જ ઉકેલ દેખાયો તે એ કે આ જ્ઞાતિએ અન્ય સમકક્ષ જ્ઞાતિમાં સમાઇ જવું.

આ સમયે તેમની નજરમાં કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ એક એવી જ્ઞાતિ હતી કે જેઓ તેમને પોતાનામાં સમાવી લે અને તેમને બરોબરીનું સ્થાન આપે. કરાડ જ્ઞાતિના આગેવાનોએ દશા ઓશવાલ જ્ઞાતિનાં અગ્રણીઓનો સંપર્ક સાધ્યો. દશા ઓશવાલ જ્ઞાતિનાં અગ્રણીઓએ પણ તેમને પ્રેમથી આવકાર્યા અને સને ૧૮૧૫માં બંને જ્ઞાતિના એક ઠરાવ પર સહી કરી કરાડ જ્ઞાતિને દશા ઓશવાલ જ્ઞાતિમાં સામેલ કરવાનો નિર્ણય લીધો.

એ ઠરાવની રૂએ બન્ને નાતની દીકરીઓ નાતની સંબંધ સહેલો કરવાને અર્થે એક જ નાતની દીકરીઓ છે તે પ્રમાણે ગણવું તેનો નિર્ણય લેવાયો.

બીજું કરાડ નાતની દીકરી પરણે ત્યારે કરાડ નાતનો ગોર લગ્ન કરાવે અને ચાલુ દસ્તુરી (દક્ષિણા) લે. દશા ઓશવાલ નાતની કન્યા હોય તો તે નાતનો ગોર લગ્ન કરાવે અને ચાલુ દસ્તુરી લે.

એ વખતે એમ પણ ઠરાવવામાં આવેલ કે કરાડ નાતને તેમનો પોતાનો ધર્મ દશા ઓશવાલ નાતે તેના કોઈ પણ નાતીલાઓએ કંઈ પણ દુઃખ કે હરકત આપ્યા સિવાય પાળવા દેવો. એ ઠરાવની રૂએ બંને જ્ઞાતિઓ હળી મળીને ચાલતી.

આ ઠરાવ બાદ બન્ને જ્ઞાતિઓમાં વચ્ચે ઘણાં લગ્નો થયો. વહુ પોતાના ધણીનો ધર્મ પાળે. એવી વણકહી સમજણથી બંને જ્ઞાતિઓ રોટી-બેટીના વ્યવહારથી બંધાઈ. સ્વભાવિક રીતે બન્ને જ્ઞાતિઓનાં સંસ્કારો, આચાર વિચાર, રહેણી કરણી ભિન્ન ભિન્ન હતા. છતાં બન્ને જ્ઞાતિઓ સંપીને ચાલતી.

કરાડ નાત પાસે સાર્વજનિક અગર નાતની મિલકત ન હતી. સને ૧૮૧૫ના કરાર પ્રમાણે કરાડ નાતની ૧૩ વરસની ઉંમરની વ્યક્તિ પાસેથી નક્કી કરવામાં આવેલો લાગો વસૂલ કરવાનું શરૂ થયું. લગ્ન અથવા અન્ય શુભ પ્રસંગોએ બંને નાતની વ્યક્તિઓ ફંડફાળો આપતી હતી.

સને ૧૮૫૦ આસપાસ બંને નાતીએ ખુશીથી ઉઘરાણું કર્યું. તેમાંથી માંડવી બંદર મધ્યે શ્રી અનંતનાથજી જિનાલય બંધાવવામાં આવ્યું તેમાં કરાડ નાતે પણ ફાળો નોંધાવેલ હતો.

આ ઉઘરાણી કરતી વખતે બંન્ને જ્ઞાતિઓના આગેવાનોએ મળી અને એવી સમજુતી કરી કે બેઉ નાતના ધર્મગુરુઓ જેવી રીતે તેમના ધર્મમાં સેવા કરવાનો હોય તે પ્રમાણે કરે. બંન્ને નાતની મીટીંગો તે જગ્યામાં ભરાતી. દેરૂ બંધાયું ત્યારથી એટલે કે તા. ૨૩ ઑગસ્ટ ૧૮૬૮ સુધી બન્ને નાતોએ સારી રીતે હળીમળીને ઉપયોગમાં લીધું. બંન્ને નાતો સેવા, પૂજા, લગ્ન તથા ધર્મની ક્રિયા અને વિધીઓ સંપીને કરતી. બંન્ને નાતો વચ્ચે અત્યંત ઘનિષ્ઠ સંબંધો પ્રસ્થાપિત થતા ગયા હતા. ક્યારે કોઈનું મનદુઃખ થાય તેવો પ્રસંગ બન્યો ન હતો.

બન્ને નાતો પાસે ૧૮૬૮ સુધીમાં આશરે રૂા. ૧૧,૦૦,૦૦૦/- (રૂપિયા અગીઆર લાખ) ની દેરા સિવાય જંગમ અને સ્થાવર મિલકત ભેગી થઈ ગઈ હતી. તે મિલકતમાં જમીન અને મકાનો મુંબઈ અને કચ્છમાં હતા. ઝવેરાત, ફરનીચર, રોકડ, સરકારી નોટોમાં નાણાં તથા બીજા રોકાણો તથા નાતના માણસો પાસે ઉઘરાણીની રકમ બાકી હતી તે વધારામાં.

સને ૧૮૯૬માં શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિએ ઠરાવ કર્યો કે કરાડ નાતે પોતાનો હિંદુ ધર્મ છોડી દેવો અને જૈન ધર્મ પાળવો. આ ઠરાવથી બન્ને જ્ઞાતિઓ વચ્ચે મનદુઃખ થયું અને એ પ્રશ્ન કોર્ટમાં ગયો.

કરાડ નાત તથા શ્રી ક.દ.ઓ. જ્ઞાતિ વચ્ચે કોર્ટ બહાર સમાધાન તે સમયના યતિ ધર્મગુરૂ, ગચ્છનાયક શ્રી રત્ન સાગરસૂરિએ કરાવ્યું.

નામદાર કોર્ટે જે ચુકાદો આપ્યો તે આ પ્રમાણે હતો.

''આ કજીયામાં નાતની તકરાર હતી. જે તકરાર ઘરમેળે માંડી વળાઇ છે. તેથી હું ઘણો ખુશી થયો છું અને ક.દ.ઓ. જ્ઞાતિને હું યાદ અપાવું છું કે હવે જોર જુલમ કરવાના અને કોઇના ધર્મની લાગણી દુભાવવાના દિવસો ગયા છે કોઈ પણ અક્કલવાળો માણસ એક બીજાના ધર્મની બાબતો વચ્ચે ન પડે તે સારૂં છે. યા એક બીજા ઉપર જુલમ ગુજારી ત્રાસ આપવાનો પ્રસંગ આવે નહીં તેમ ઇચ્છું છું. તેઓ આવા વાદ-વિવાદથી સંપ અને સલાહ દ્વારા સમજુતી કરી શક્યા છે. હવે બન્ને જ્ઞાતિઓ વચ્ચે સંપ અને સહકાર રહેશે તથા વધુમાં વધુ લગ્નો થશે એમ હું ઇચ્છું છું.''

**- 'શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ ઈતિહાસના પ્રેરક બળો'**
પુસ્તકમાંથી સાભાર

**પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર + 5% GST**

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).
જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.
જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.
નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.
For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.
ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.

**ઘર બેઠા પરીક્ષા : OPEN BOOK EXAM**

તપ ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના સુવર્ણ વરસીતપ પ્રસંગે પ્રકાશિત ''પૂર્ણતાનો પંથ'' પુસ્તક આધારીત Open Book Exam નું આયોજન કરવામાં આવ્યું છે.

વહેલો તે પહેલાના ધોરણે નીચેના સરનામેથી પુસ્તક - પ્રશ્નપત્ર - ઉત્તરપત્ર મેળવી લેવા વિનંતી. રૂા. ૧૦૦/- ભરીને પોતાનું નામ લખાવી આજે જ પ્રવેશ મેળવી લો.

**પુસ્તક મેળવવાનું સરનામું**

૧) સુશ્રાવિકા લતાબેન એલ. વીકમશી
૨/૩૯, અનંત નિવાસ, ભાત બઝાર,
૨૬૨/૭૦, નરશી નાથા સ્ટ્રીટ,
મસ્જીદ બંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
મો.: 93239 44117

૨) અ.સૌ. મનીષાબેન એચ. ખોના
૧૦૬, અનંત છાયા,
૬૦ ફીટ રોડ, આર.બી. મહેતા માર્ગ,
ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૭૭.
મો.: 96647 98398

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
Lagna Deep

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229

## પ્રાર્થના સભા

**– પ્રવીણ મૈશેરી**, રાયપુર

પ્રકાશ સમીક્ષાનાં અંક ૫૧માં અગ્રલેખ તરીકે શ્રી શાંતિલાલ લાલકાનો મત વાંચવા મળ્યો ઘણા સમયથી આ વિચારધારા સમાજમાં વહેતી થઈ છે લૌકિક વ્યવહાર બંધ છે, બાર નવકાર ગણી લેવા વિગેરે વિગેરે.

પહેલી વાત તો લૌકિક વ્યવહારની પરિભાષા શું? શું શોકનાં સમયે જે વ્યવહાર થાય તેનેજ લૌકિક વ્યવહાર કહેવું જે પરિવારના બીજા વ્યવહારો લૌકિક નથી? લગ્ન પ્રસંગે હાજરી આપવી તે પણ લૌકિક વ્યવહાર ન કહેવાય?

હવે મુદ્દા ઉપર આવીયે, પરિવાર ના સારા નસરા પ્રસંગે હાજરી આપવી આપણી સાંસ્કૃતિક પરંપરા છે. કોઈ કોઈના દુઃખ સુખમાં ભાગીદાર બને તે પરિવારની એકતા, મેળ મિલાપ માટે જરૂરી છે, એક બીજાના વારસ એક બીજાને ઓળખે (જે આજે ધીરે ધીરે ખતમ થતું જાય છે, દુઆ કરો કે આ વોટ્એપ આવી ગયું તો આજની પેઢી વોટ્સઅપ ના કારણે એક બીજાથી જોડાયેલ છે). આપણે પરિવારનાં પ્રસંગે પડખે ઊભા રહીએ તેવી લાગણી ખાતર રિતી રિવાજોનો ઉદય થયો, જે આજે આપણે હાડમારી, ખર્ચા, સમયની બરબાદીનાં કારણે આપીને ખતમ કરવા માંગીએ છીએ.

અરે જ્યારે આપણા વડીલો સુખ દુઃખમાં ભાગ લેવા જતા ત્યારે વાહન વ્યવહારની સુવિધાઓ આંગળીનાં વેઢા કરતા પણ ઓછી હતી, તો પણ મારા ભાઈના દુઃખમાં ઉભો રહું એવી ભાવના સાથે તે બધી તકલીફો વેઠીને પણ પરિવાર પડખે ઉભો રહેવા જતો. આજના જમાનામાં સાધનોની કોઈ કમી નથી તો પણ આપણે મુસીબત માની નથી જવા માંગતા યા એમ પણ કહેવાય કોઈ જવા માંગતું હોય તો તેને ન જવાની પ્રેરણા આપીએ છીએ. બાળકોને પ્રેરણા આપણાંથીજ મળે. જેવા સંસ્કાર આપીશું તેવા બાળકો કેળવાશે. જો કોઈનાં બાળક એમ કહેતા હોય કે તમે નવરા છો તો તમે વ્યવહાર સાચવો તો આ આપણી બાળકોની નહિ આપણી કમજોરી કહેવાય કે આપણે તેને વ્યવહાર સંસ્કારના પાઠ ભણાવવામાં ક્યાંક કચાસ રાખી છે. મૃતાત્મા માટે સહન કરવાનુંથી આપનો મતલબ સમજ્યો નહીં (શું આનો મતલબ એવો કાઢવાનો કે આજકાલની યુવા પેઢી સગાઈથી પહેલા પૂછતી થઈ છે ઘરમાં કેટલા ડસ્ટબીન છે) શું આપણે આપણી પેઢીને શીખવાનું કે એકલા ચાલો? હાં રહી નોકરીમાં રજા નહીં મળવાનીની વાત, તો આ અપવાદ ચાલી શકે પણ એજ જુવાનિયો મોજ ખાતર રજા લેતા હોય છે કે નહીં?, જેમ દુઃખના પ્રસંગે લૌકિક વ્યવહાર બંધ છે ૧૨ નવકાર ગણી લેજો, (કોણ જોવા જાય છેકે કોઈએ ૧૨ નવકાર ગણ્યા) તેવી જ રીતે આપણે લગ્નની કંકોત્રીમાં શું કામ ન લખવું, અમો અત્રે લગ્ન સારી પેઠે ઉજવી લેશું તમો ત્યાં અમારા વતી મીઠાઈ ખાઈને મો મીઠું કરી લેજો? એમ જોવા જાવ તો કોઈ પણ સારા પ્રસંગે જવામાં પણ ખર્ચ ને સમયનો બગાડ ન ગણવો જોઈએ?

રહી ખર્ચા ની વાત, તો જરૂરી નથી કે પ્રાર્થના પ્રસંગે મોંઘાં એસી હોલ રાખવા, મોંઘી સંગીત પાર્ટી બોલાવવી. પહેલા સમાજની મહિલાઓ આ પ્રસંગને સાચવી લેતી. સાદા હોલ યા સમાજ ભવનોમાં પણ પ્રાર્થના થઈ શકે આજે પણ દેસાવરમાં આ રિવાજ છે જ. નાસ્તો શુ કામ રાખવો? બધા ખર્ચ તમારી મરજી પ્રમાણે ગોઠવી શકાય. બીજા ની દેખા દેખી કરવી નહીં. બીજું વ્યક્તિ દીઠે ૨ થી ૫ હજાર નું નાહી લેવાનું આ આપના લખાણ નો અર્થ શું? શું બધી વાતને રૂપિયા થી જ તોળવી? વ્યવહાર કોઈ વસ્તુ નથી? આવી સલાહ તે જ આપે છે જે હોટલ માં ૨-૫ હજાર ખરચતાં અચકાતા નથી. જેમ હોળીમાં પાણીનો બગાડ થાય એવી બૂમો પાડનાર યુરીનલ માં ૧૫ લિટર પાણી ફલસ કરે છે.

પ્રાર્થનાનો પોતાનું મહત્વ છે આપણે સ્વર્ગસ્થની આત્માની શાંતિ માટે પલ બે પલ સ્તવન ગાઈએ તેનો સુખ દુઃખનાં પ્રસંગો યાદ કરીએ, પરિવાર જેમ લગ્નની, લગનની એનવેરસરી પ્રસંગે, રીંગ શેરેમની ને બીજા પારિવારિક સુખનાં મિલન સમયે ભેગા થઈ એ છીએ તેવીજ રીતે જિંદગીમાં દુઃખનાં પ્રસંગે જેમ કોઈની માંદગી, દુર્ઘટના સમય આપને અચાનક પ્રિયજનને મળવા દો મૂકીયે જ છીએ (ત્યારે આપને નથી કહેતા ભાઈ આવશો નહીં, તમારા ઘરથી પ્રાર્થના કરી લેજો, ત્યારે કહેશું જલ્દી આવો) તેવીજ રીતે મૃત્યુ પ્રસંગે જવાની આપણી ફરજ છેએવુ માનવું છેમારૂં.

સમયનો બગાડ એટલે શું? તો તો અંતિમ સંસ્કારમાં પણ જવું સમયનો બગાડ છે. પરિવારના ૪ માણસો જઈને દાહ સંસ્કાર પતાવી નાખે. હવે તો સ્મશાન આધુનિક થઈ ગયા છે . સ્વર્ગસ્થના આવીને દેહને લઇ જાય છે એવા સ્વર્ગરથ પણ છે. અત્રે એક સમાજનું ઉદાહરણ આપીશું (સમાજનું નામ લીધા વગર) ત્યાં કેરોસીન નાખીને અગ્નિ

સંસ્કાર કરે ને જેવી ચિતાને આગ આપે બધા રજા લઈ ચાલતા થાય. તેમ આપણે પણ શું કામ ન કરી શકીએ? (તમારા પ્રમાણે)

ભાઈજી એ જમાનો ગયો જ્યારે જનમ વખતે કાગળ ફોનથી ખીર વધાઈ આપીને સમેટી લેતા. હવે તો મોટી પાર્ટીઓ ઉજવાય છે (તો તો આપણને ખોરો ભરવા (આધેની) પ્રથા પણ બંધ કરવી જોઈએ તે પણ કુદરતી પ્રક્રિયા છે જેમ મૃત્યુ.)

જિંદગી માં હાડમારી ક્યાં નથી ? આ બધા ખોટા બહાના સિવાય કાંઈ નથી. રહી ખર્ચ, હલકાણીની વાત, તો મૃત આત્માના નામે શ્રદ્ધાંજલિ સ્વરૂપે શૈક્ષણીક સંસ્થા જીવદયામાં દાન દેવાની તો આ વાત તો સારા પ્રસંગે થતાં ખર્ચ માટે પણ લાગુ પડે છે આપણે કોઈના લગ્ન પ્રસંગે હાજરી આપવા જઈએ, જેટલાનો ચાંદલો નથી કરતા તેનાથી વધારે આવવા જવામાં ખર્ચ થાય ને સમય નો બગાડ નફામાં.

આ બધી વાતોનો કોઈ અર્થ નથી. કોઈ પણ પ્રસંગ હોય પરિવારનું સુખનો કે દુઃખનો, આપણી હાજરી પરિવારની એકતા, મેળ જોળ માટે અનિવાર્ય છે, પ્રસંગો તો બહાના છે.

### છુટાછેડા અને એના વિશેની ગેરસમજ

સમાજમાં લગ્ન પ્રસંગ એક ખુશીનો પ્રસંગ છે, એનાથી વિપરીત છુટાછેડાનો છે, જેમકે જન્મથી વિપરીત મૃત્યુ.

જન્મ, મૃત્યુ કે લગ્નના રજીસ્ટ્રેશન સરકારી વિભાગોમાં થઈ શકે પણ છુટાછેડા મેળવવા ફેમિલી કોર્ટમાં લગ્નના ફારગતિની કોર્ટ ડિક્રી મેળવવી એ કન્યા તથા વર પક્ષના બન્ને પાત્રોના ભવિષ્ય માટે જરૂરી છે. લગ્નની ફારગતિની લેવા માટે પરસ્પર સમજૂતીના લખાણ તથા પરસ્પરના દાગિના કે જણસોની આપલે પુરી થયેલી હોય અને એ વિશેના લખાણના દસ્તાવેજ હોય એ કાયદાકીય રીતે છુટા છેડાછેડા માટે એ પુરતું નથી. એટલે બન્ને પક્ષો છુટાછેડા લેવા માટે સહમત હોય અને સંતાનો હોય તો તેની કસ્ટડી અંગે પરસ્પર સહમત થયેલ હોય તો લગ્ન વિચ્છેદની સંયુક્ત પિટિશન દાખલ કર્યાના ૬ મહિના બાદ કોર્ટથી લગ્નની ફારગતિની ડિક્રી મળી શકે છે.

કોર્ટ ડિક્રી સિવાયની કોઈ પણ સ્ટેમ્પ પેપર કે અન્ય રીતે બનાવેલ દસ્તાવેજ છુટાછેડા પ્રક્રિયામાં પરિણમતાં નથી આવા ગેરકાનૂની દસ્તાવેજ કોઈ સમાજ કે સંસ્થા માટે સ્વિકાર્ય ન ગણાય.

**– કિરીટ શાહ**


|| શ્રી ચંદ્રપ્રભુસ્વામિ નમઃ || || શ્રી શાંતિનાથાય નમઃ ||

પ્રથમ પહેડી રવિવાર તા. ૧૮-૭-૨૦૧૦ ના શુભારંભ થતા...
"શ્રી ગજોડવાલા નાગરજા સત્તો દાદા" ની પહેડી ૯ માં વર્ષમાં પ્રવેશ કરે છે... આવતા વર્ષે 'દશાબ્દી મહોત્સવ' તરફ...
શ્રી લાલા-સાંધવ દંડ પરિવાર ભાવિકોમાં આનંદ ખુશી લહેરાઈ રહી છે...

**"શ્રી ગજોડવાલા નાગરજા સતો દાદા"ની નવમી પહેડી**

**શ્રી લાલા – સાંધવ દંડ પરિવારના સર્વે ભાવિકોને તેમજ સર્વે નિયાણી બહેનોને સહ પરિવાર પહેડી-પ્રસાદનો લાભ લેવા હાર્દિક નિમંત્રણ.**

**શુભ દિન :** રવિવાર, તા. ૨૮-૧-૨૦૧૮ સવારનાં ૯ થી ૨ ક., **મંગલ આરતી :** ૧૨.૩૯ કલાકે
**સ્થાન :** આઈરીશ બેન્કેવેટ હોલ, પુરૂષોત્તમ ખેરાજ એસ્ટેટ, ડો.આર.પી.રોડ, જ્ઞાનસરીતા સ્કુલની બાજુમાં, મુલુંડ (પ),મુંબઈ – ૪૦૦ ૦૮૦.

**: લાભાર્થી પરિવારો :**

શ્રી શામજી નરશી દંડ
શ્રી નવીનભાઈ હીરજી દંડ -વેરાવલ
શ્રી હિરાચંદ નરશી દંડ
શ્રી જયેશભાઈ મણીલાલ પ્રેમજી દંડ
શ્રી મણીલાલ પદમશી દંડ – ઈન્દોર
શ્રી ત્રિકમજી રાયશી દંડ હ. કલ્પેશભાઈ
શ્રી શાંતીલાલ વસનજી દંડ હ. હિતેષભાઈ

**સંગીત : શ્રીમતી ચેતના હરિયા એન્ડ પાર્ટી**

**વિશેષ કાર્યક્રમ**

❖ **તેજસ્વી વિદ્યાર્થીઓનું બહુમાન** ❖
ધોરણ ૧ થી ૧૨ અને ગ્રેજયુએટ અને ઉપરના વિદ્યાર્થીઓનું (રીઝલ્ટ / માર્કસશીટ સાથે)

❖ **તપસ્વીઓનું બહુમાન** ❖
અઠ્ઠાઈ, અઠ્ઠાઈ થી ઉપરની તપસ્યા વરસીતપ અથવા અન્ય વિશિષ્ટ તપસ્યા

❖ **વડીલ વંદના** ❖
૭૦ વર્ષ થી ઉપરના વડીલોનું બહુમાન
❖ **લાભાર્થીઓનું બહુમાન** ❖

સંપર્ક : પ્રવિણભાઈ દંડ (લાલા) - 9821844144 ● મહેશભાઈ દંડ (સાંધવ) - 9323900739 ● સુર્યકાંત દંડ (લાલા) - 093221266602

|| જય શ્રી સચ્ચાઈ માં || **દર્શનાભિલાષી :** શ્રી શામજી નરશી દંડ (પ્રમુખ) શ્રી સુર્યકાંત હીરજી દંડ (ઉપપ્રમુખ) || જય શ્રી દેશરમા ||

**વિશેષ નોંધ :** શ્રી દાદાની શુભ ભાવના છે સૌ મારા બાલુડા સારી સંખ્યામાં આનંદપૂર્વક પધારે.

## આરોગ્ય પ્રકાશ : આરોગ્ય માટે ઉપયોગી માહિતી - ૧

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

**૧) ખજુર :** ખજુર બે પ્રકારની હોય છે એક કાળી અને બીજી પીળાશ પડતી લાલ. ગુણવત્તામાં કાળી ખજુર ચડિયાતી હોય છે. આચાર્ય ચરકે, ખજુરને બ્રહ્મ એટલે કે શરીરને પૃષ્ટ કરનારી કહી છે. ખજુરમાં લોહતત્ત્વ માંસ કરતાં વધારે હોય છે. શરીરના કોઈપણ ભાગમાં રક્તસ્ત્રાવ થતો હોય તો નિયમિત ઘી સાથે ખજુર ખાઈ પછી ગાયનું દૂધ લેવું. ખજુરમાં કુદરતી શર્કરા હોય છે, જે ઝડપથી પચી જાય છે અને તરત જ શક્તિ મળે છે, થાક દૂર થાય છે. શરીરમાં લોહતત્ત્વ ઓછું હોય, જેમને હિમોગ્લોબીન ઓછું હોય, જેમને નબળાઈ અનુભવાતી હોય તેવી વ્યક્તિઓએ ખજુર ખાવી જોઈએ. (ડાયાબીટીઝ હોય તેમણે ન ખાવી) ઠંડીના દિવસોમાં ઘી સાથે ખજુર ખાવી જોઈએ કેમકે ખજુર પ્રકૃતિએ ગરમ છે. ગરમીના દિવસોમાં ખજુર ગરમ પડી શકે માટે ગરમીમાં ટાળવી. રોજની ૪ કે ૫ પીસી ખજુર ખાઈ શકાય. તેનાથી વધુ ખાવી નહિં તે નુકશાનકર્તા બની શકે.

**૨) ચણા :** ચણા એ અવારનવાર ઉપયોગમાં લેવાતું કઠોળ છે. એ પચવામાં ભારે છે ગેસ કરે છે પરંતુ ખુબજ તાકાત આપે છે એથી જ ઘોડાને ચણા ખવડાવવામાં આવે છે જેથી એ ભરપુર શક્તિથી દોડી શકે છે. કઠોળ ખાવામાં ઘણા કંટાળો કરે છે પણ શીંગ-ચણા લોકો હોંશે હોંશે ખાય છે. ચણા શક્તિ વધારવાની સાથે શરીરને સ્ફુર્તિલું રાખે છે. ચણા શરીરની નબળાઈ દૂર કરે છે અને કફનાશક છે. ઉંધરસ-કફ હોય તેણે સેકેલા ચણા ખાવા જોઈએ.

ચણામાં ભરપૂર માત્રામાં ફાઈબર (રેષા) હોય છે એટલે કબજીયાત દૂર થાય છે. એનાથી અપચો અને એસીડીટી દૂર થાય છે, ચયાપચયની ક્રિયામાં ફાયદો થાય છે. ચણા ખાવાથી હૃદય મજબૂત બને છે, હૃદયની બિમારીઓ જલ્દી થતી નથી, કોલેસ્ટ્રોલનું નિયંત્રણ કરે છે. ચણા ખાવાથી વજન વધે છે. શરીર દૂબળું-પાતળું રહેતું હોય, શક્તિનો અભાવ વર્તાતો હોય તો ચણા ખાવા જોઈએ. શરીરના સ્નાયુ મજબૂત બને છે, શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. ચણામાં આયર્ન (લોહતત્ત્વ)નું પ્રમાણ ભરપૂર માત્રામાં હોય છે. ચણાના નિયમિત સેવનથી શરીરમાં લોહીનું પ્રમાણ વધે છે. લોહીને શુદ્ધ બનાવવામાં પણ ઉપયોગી થાય છે. ચણાનું યોગ્ય પ્રમાણમાં નિયમિત સેવન કરવાથી ચયાપચયની ક્રિયામાં સુધારો થાય છે, જે ત્વચાને ચમકીલી બનાવે છે. ત્વચાના રોગો જેવાકે ખસ, ખરજવું કે વારંવાર ત્વચા પર લાલ ચકામા ઉભરી આવતા હોય તો તેમાં ગુણકારી ગણાય છે. ત્વચાની અન્ય સમસ્યામાં પણ ચણા ગુણકારી ગણાય છે. જેમને ચણા (કઠોળ) સદતા ન હોય તેઓ ભુંજેલા ચણા ખાઈ શકે. ચણા પચવામાં ભારે હોય છે તેથી પ્રમાણસર જ ખાવા નહિં તો ગૅસ, અપચન જેવી સમસ્યાઓ થઈ શકે.

**૩) સફરજન :** સફરજનમાં વિટામીન 'B', ફોસ્ફરસ અને પોટેશ્યમ હોવાથી તે જ્ઞાનતંતુના કોષોની વૃદ્ધિમાં મદદરૂપ થાય છે અને ડિપ્રેશન દૂર થાય છે. હાઈ બી. પી. વાળાને પણ ફાયદો થાય છે, દમ નો રોગ પણ ટાળે છે. સફરજનમાં કેન્સર શામક ક્ષમતા પણ છે. તે સંધીવાતના દરદીઓ માટે શ્રેષ્ઠ છે. તેમાં પેપ્ટીન નામના સરળતાથી ઓગળી જાય તેવા ફાઈબર હોય છે જે આંતરડાની ચરબી સામે લડે છે. પરિણામે સારું કોલેસ્ટ્રોલ (HDL) વધે છે અને ખરાબ કોલેસ્ટ્રોલ (LDL) ઘટે છે. તે નબળાઈ દૂર કરે છે અને શરીરને મજબૂત બનાવે છે. ફોસ્ફરસ અને લોહ હોવાથી મગજ પણ સક્ષમ બને છે. સ્મરણશક્તિ સુધરે છે. નાના બાળકો તેમજ મોટાઓમાં એકાગ્રતા વધે છે, તેમાં રહેલા રેષાતત્વને લીધે ઓછી કેલેરીમાં પેટ ભરાઈ જાય, ભૂખ મટી જાય છે તેથી જમા થયેલી ચરબી વપરાય અને વજન ઘટાડવામાં ઉપયોગી થાય છે. એમાં ઓગળતા રેષા પુષ્કળ હોવાથી લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ વધતું અટકાવે છે. સફરજન ઓક્સિજન યુક્ત, મુક્ત અણુઓ (Oxygen free radicals) ની સામે લડવામાં પણ મદદ કરે છે આ free radicals ડાયાબીટીઝ થવાના કારણભૂત છે તેથી ડાયાબીટીઝવાળાને સફરજન ખાવાથી ફાયદો થાય છે. આમ આ બધા ફાયદાને લીધેજ અંગ્રેજીમાં કહેવત થકી છે કે ''An Apple a day Keeps Doctor Away''.

ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કું. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.

કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય
જ્યોતિ
સિલ્ક સાડી એમ્પોરીયમ
Sachi Jari maate real nam
૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.
Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed
Originally at Zaveri Bazar since 1976

**૪) રાજમા :** રાજમામાં (રેષા) ફાયબરનું પ્રમાણ વધુ હોય છે તેથી રાજમા ખાવાથી શરીરમાં સાકરનું પ્રમાણ કાબૂમાં રહે છે. માટે ડાયાબીટીઝના દરદીઓ માટે ખૂબજ સારૂં છે. પુષ્કળ રેષાને લીધે લોહીમાં કોલેસ્ટ્રોલની માત્રા ઓછી કરવામાં મદદરૂપ થાય છે, કબજીયાત દૂર કરે છે. કુદરતી પ્રોટીનનો આ શ્રેષ્ઠ સ્રોત છે. તેમાં પ્રોટીનની માત્રા વધુ હોવાથી શરીરમાં સ્ટાર્ચનું પ્રમાણ કાબુમાં રહે છે. તેથી વજન ઓછું કરવામાં સહાયરૂપ થાય છે. વિટામીન B, તેમાં પુષ્કળ હોવાથી બુદ્ધિમતા અને યાદશક્તિ સતેજ રાખે છે. તેમાં ભરપૂર કાર્બોહાઈડ્રેટ હોવાથી તે શરીરના કોષોમાં અને જ્ઞાનતંતુઓમાં ઉર્જાનો સંચાર કરે છે. તેમાં મેગ્નેશ્યમની માત્રા વધુ હોવાથી તે શારીરિક અને માનસિક શક્તિ આપવામાં સહાયરૂપ બને છે.

**૫) આયુષ્ય વધારનાર ખાદ્યો :** વૈજ્ઞાનિકોએ અમુક ખાદ્યોની તપાસ કરીને એક લીસ્ટ બનાવ્યું છે- જે આયુષ્ય વધારી શકે - જે નીચે પ્રમાણે છે - સફરજન, બ્લેકબેરીઝ, કાળી અને લીલી ચા, બલ્યુબેરીસ, બ્રોકોલી, અનાજનું થુલું કે ફોતરા, ચેરી, કોફી, દહીં, કેનબેરીસ, ડાર્ક ચોકલેટ, સંતરા, પીચ, આલુ-બુખાર, રાસબેરીસ, સ્ટ્રોબેરીસ, લીલી દ્રાક્ષ અને પાલક. લીલી ચામાં એન્ટીઑક્સિડન્ટ વધુ હોય છે તેથી તે વધુ ગુણકારી. ઉપરાંત ફળ, શાકભાજીમાં પોલીફીનોલ્સ કેમીકલ્સ ભરપૂર હોય છે તેથી તે લેવાથી પણ આયુષ્ય વધે છે. કાળી અને લીલી ચા નો ઉપયોગ દૂધ-મલાઈ કે સાકર વગર કરવાથી જ સંપૂર્ણ ફાયદો મળે. ઉપરોક્ત ખાદ્યોમાંથી બને તેટલો વધુ લેવાથી શરીર નિરોગી રહે અને આયુષ્ય વધારી શકાય.


**WALK IN INTERVIEW**

**Required Following Staff For**
**Construction Company For Neral (Mumbai) Project**

- **Civil Engineers - 1 Post - B.E. in Civil**
  Should have minimum working experience of 5 to 8 years & Capable to handle the site individually.
- **FOREMAN CUM SUPERVISOR - 1 Post**
  Should have minimum working experience of 5 to 8 years & Capable to handle the site individually.
- **STORE KEEPER CUM DATA ENTRY OPERATOR - 1 Post**
  Should have Knowledge of Store and well versed with Computer.

**Note:** Candidate fulfilling the above criteria may mail their BIODATA on **info@arihantinfratech.in**

**ARIHANT INFRATECH-9924741399**

લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટેસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટેસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે, દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239

સંપર્ક : **દિનેશ દેઢિયા - 92234 25676**


## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિર સિકન્દ્રાબાદ

હૈદ્રાબાદની મુલાકાતનો મોકો મળે તો તેના જોડીયા શહેર સિકન્દ્રાબાદની સિંધી કોલોનીના પા સદી પૂરાણા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન મંદિરમાં દર્શન અને પૂજનનો લ્હાવો ચૂકવા જેવો નથી. વેંકટરાવ કોલોનીના બગીચાના શાંત વિસ્તારમાં આવેલા દેરાસરે બસોની પાર્કીંગ માટે કોઈ ચિંતા નથી.

દાખલ થતાં ભોંયતળિયે શ્રી ઘંટાકર્ણની દેરી છે અને પાછળ સાધુ સાધ્વી ભગવંતો માટે બે ખંડો છે. ભીંતે પદ્માવતી માતાજીની વિવિધ પ્રખ્યાત સ્થળોની મૂર્તિઓની છબીઓની હારમાળા છે. દેરાસરની સીડીઓ ચડતાં પહેલાં ભોંયતળિએ વર્ધમાન તપ આયંબીલ શાળા છે જેના વિશાળ મુખ્ય હૉલના દાતા હૈદ્રાબાદના સુવિખ્યાત ગૌરવ કેટરર્સ છે. વરાડીયાના શ્રીમતિ લતા મણીકાંત મોમાયાના નામે તેમના સુપુત્રો હેમાંગ અને ગૌરવ તેમજ સુપુત્રી હર્ષિતાએ લાભ લીધો છે.

પહેલે માળે દાખલ થતા પહેલા તિલક કરવાના ખૂણાની બરોબર ઉપર મનોરમ્ય શત્રુંજય પટ છે. મૂળ ગંભારામાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની શ્યામવર્ણી વિશાળ કામણગારી એક માત્ર મૂર્તિ છે. મૂર્તિના જમણી બાજૂના ગોખલે ત્રણ તીર્થંકર તેમજ ડાબી બાજૂ શ્રી ગૌતમસ્વામીની મૂર્તિ છે. મૂળ નાયકના ગંભારાને અડીને નવગ્રહ તેમજ તેમના અધિપતિ તીર્થંકરોની મૂર્તિઓ છે. તેમજ એક કક્ષમાં ધાતૂઓની મૂર્તિઓ, ચૌવીસી નવપદના તેમજ અષ્ટમંગલના ગડા છે. સ્નાત્ર માટે ગઢ સમેત ચલાપદી વ્યવસ્થા છે. ચૈત્યવંદન, મોટી પૂજા ઈત્યાદી માટે થાંભલાઓની અડચણ વિનાનો ચૌક છે. મૂળ નાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના મૂખ્ય ગંભારાની બહાર જમણી બાજૂ હાજરાહજૂર તપાગચ્છ પક્ષના અધિષ્ઠાયક દેવ શ્રી મણીભદ્ર વીરની મૂર્તિ બિરાજમાન છે. જેમનો મહિમા અપરંપાર છે. દર ગુરૂવારે શ્રધ્ધાળુઓ શ્રીફળની જોડ ચઢાવે છે. વિશેષ આનંદની વાત એ છે કે શ્રી મણીભદ્ર દેવની પ્રતિષ્ઠા અને શિખર સ્થિત કળશનો લાભ આપણી જ્ઞાતિના નિયાણી કચ્છ તેરાના શ્રીમતિ દિવ્યાબેન અતુલકુમાર શાહ પરિવારે લીધેલ છે. તે દેરીની સામેની દેરીએ પદમાવતી માતાજીની દેરી છે. આ સંઘમાં પર્યુષણ પર્વમાં સાધુ સાધ્વી ભગવંતની સંપૂર્ણ ચોમાસા દરમિયાન નિશ્રા રહે છે. દેરાસરમાં દર્શન વંદન બાદ તીર્થ યાત્રાનો અહેસાસ થાય છે.

**- કાંતિલાલ કેશવજી મોતા**


**વેચવું છે**

પાંચ રૂમનું ઘર (આશરે ૭૪૦ સ્કે. ફીટ) સાથે આંગણું (આશરે ૧૭૦૦ સ્કે.ફીટ) કચ્છ સુથરી ગામે (અબડાસા)

**સંપર્ક : સુનિલ નાગડા - 098212 24755**

## મેરે પાસ મા હૈ

– પ્રવીણ લોડાયા, વડોદરા




મારા ભાભીશ્રી રતનબેન જયચંદ લુઠિયાનું હમણા થોડા સમય પહેલા અવસાન થયું. ત્યારે યાદ આવે છે તેમના જીવનમાં આવેલી અસાધારણ મુશ્કેલીઓનો સામનો અખૂટ ધીરજ અને અદમ્ય હિંમતથી કરીને કુટુંબીજનોમાં પોતાની આગવી ઓળખ ઊભી કરનાર સન્નારીની.

તેમના પતિ ડિપ્રેશનમાં આવી જતાં ત્રણ-ત્રણ બાળકોની પરવરિશની જવાબદારી તેમના પર આવી પડી ત્યારે થોડો સમય તેઓ હતાશ થઈ ગયા. પણ પછી હતાશા ખંખેરીને મોતી પચાણ સ્કુલ, મુલુંડમાં શિક્ષિકાની નોકરી સ્વીકારી લીધી.

શરૂઆતમાં આક્રોશ, હતાશા અને નારાજગી અનુભવી શા માટે મારી સાથે જ આવું થયું? મેં શું ખોટું કર્યું? પણ પછી વિચાર્યું કે કદાચ મારા કર્મ જ આવાં હશે, પરંતુ છેવટે એમણે નક્કી કર્યું કે જે હોય તે, પણ બાળકોને આગળ વધારવા છે, એમને ભણાવવા છે, એના માટે જે પણ કષ્ટો સહન કરવાના આવશે તે સહન કરીશ. કોઈની પાસે હાથ લંબાવીશ નહીં. મારા બલબુતા પર જ છોકારાઓને ઉછેરીશ. દુનિયા મારા માટે શું વિચારે છે તે વિચારીશ નહીં પણ મારા લક્ષ્ય પ્રત્યે અહોરાત્ર સજાગ રહીશ. હા, એમના બેન અને બનેવીનું એમને નૈતિક પીઠબળ જરૂર મળ્યું હતું. એમનું સ્વાભિમાન જોઈને માથું ઝુકી જાય છે.

એમણે ક્યારેય બ્રેડ પર બટર લગાવીને ખાધું નહોતું. ભયંકર ટાઢમાં થરથરતાં હોવા છતાં ગરમ વસ્ત્રો પહેરેલા મેં ક્યારે જોયા ન હતા. આમ સંઘર્ષ કરીને એક દીકરાને CA, એકને એન્જીનીયર અને એકને ગ્રેજ્યુએટ બનાવ્યો. એમની જીવનયાત્રામાં અત્યાર સુધીની ઘટનાઓનું સિંહાવલોકન કરીએ ત્યારે જ આપણને એ બહાદુર નારીના જીવન વિશે જાણવા મળે.

એમનું સૂત્ર હતું, 'અતીત મૃત, ભવિષ્ય અજ્ઞાત, તો વર્તમાનમાં રડવું શા માટે?' હા, ઘણી વખત તેમના ચહેરાપર ઉદાસિનતાના ભાવો દેખાય, નિરાશાના ભાવો દેખાય પણ થોડી પળોમાં તેઓ પાતાના ચહેરા પર હાસ્ય લાવી દેતા, એવું એમનું દૃઢ મનોબળ હતું.

સ્ત્રી પાસે આકાશ જેવી વિશાળ કરૂણા હોય છે. એમની આ જ કરૂણાએ અશક્યને શક્ય કરી બતાયું ત્યારે જ ચાલમાંથી મહેલમાં તેઓ પહોંચી શક્યા. કરૂણામાંથી પ્રગટ થતી શક્તિના કારણે એમનામાં વિશિષ્ટ તાકાત હતી.

પ્રતિકૂળતાથી હાર માનવી એમના સ્વભાવમાં ન હતું. જીવનમાં ગમે તેવી મુશ્કેલી આવે, તે તમને પરેશાન કરી શકે છે, પરંતુ તમારો રસ્તો રોકી શકે નહીં. જીવન સતત આગળ વધવા માટે છે. તેઓ કહેતા, તમે કોઈક એવી શક્યતા લઈને જન્મ્યા છો, જે અન્ય કોઈ પાસે નથી. એ શક્યતા અનન્ય છે, અદ્વિતીય છે. તમે જો થોડીક મથામણ કરશો તો એનો અણસાર તમને જરૂર પ્રાપ્ત થશે. એ અણસાર પ્રાપ્ત થયા પછી દુનિયાની કોઈ તાકાત તમને પાંખો ફફડાવતાં રોકી ન શકે. તમે તમને મળેલા અણસારને જ વફાદાર રહેશો, પછી તો બાકીનું કામ ઈશ્વર પોતે સંભાળી લેશે!

એમની ૭૭ વર્ષની આયુમાં એમને રડતાં કોઈએ જોયા નહોતા. આવા મારા ભાભીને કર્મસત્તા આગળ ઝુકવું પડ્યું. જીવનના અંતિમ દિવસોમાં એમને માંદગીએ પુષ્કળ સતાવી. પરંતુ નસીબવાળા એવા કે એકવીસમી સદીમાં આપણે કલ્પના પણ ન કરી શકીએ એવી એમની કલ્પનાએ જબરદસ્ત સેવાચાકરી કરીને મધર ટેરેસાની યાદ અપાવી.

આવી આ બન્ને નારીઓ સામે આપણે મસ્તક ના ઝુકાવીએ તો નગુણા કહેવાઈએ. સો-સો સલામ બન્ને નારીઓને, સાસુ-વહુને, એક અર્થમાં મા-દીકરીને.

### શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ

ઉપરોક્ત સંઘની એક સામાન્ય સભા **નૂતન અતિથીગૃહ અને ભોજનશાળાના ઉદ્‌ઘાટન સમારોહ અને ૧૩૬ મો ધ્વજા મહોત્સવના આયોજન માટે દિનાંક ૨૧-૧-૨૦૧૮ રવિવારના રોજ બપોરના ૨.૩૦ વાગે** મુલુંડ નાગરિક સભા, પંડિત એસ્ટેટ, નેહરૂ રોડ, રેલ્વે સ્ટેશન પાસે, મુલુંડ (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦ ૦૮૦માં આયોજિત કરવામાં આવી છે. સંઘના સર્વે સભ્યો તેમજ મંજલ ગામના જૈન ભાઈઓ, બહેનોને પધારવા હૃદયપૂર્વક આમંત્રણ છે.

લી. **મંત્રીઓ**

**શ્રી મહાવીર એમ્બ્રોઈડરી**
**માટુંગા.** ફોન : **2402 5070 / 86522 39537**
- સાચી / ટેસ્ટેડ જરીની સાડીઓ / બોર્ડરો
- રેસમવર્કના ફેન્સી ચ. ચોલી • રેડીમેઈડ ફેન્સી કુર્તીઓ
- ભારે પાનેતર • પારસી હાથ અને મશીનની સાડીઓ
- એમ્બ્રોઈડરી મેઈક ટુ ઑર્ડર

**સોમવાર બંધ**

# પ્રાચીન અને અર્વાચીનનો સમન્વય : ટાલિન

યુરોપમાં આપણે નાનપણમાં વાંચી હતી એવી પરીકથાઓ અને એનાં ચિત્રોની યાદ અપાવે એવાં કેટલાંક ગામો છે. ઉત્તર યુરોપમાં આવેલા એસ્ટોનિયા દેશની રાજધાની ટાલિન એવું જ એક શહેર છે. ૧૫૯ચો. કિલોમીટરનું ક્ષેત્રફળ ધરાવતું ટાલિન ફિનલેન્ડનું પડોશી છે. અમે ફિનલેન્ડની રાજધાની હેલસિન્કીમાં હતાં. અને હેલસિન્કીથી ટાલિન બોટમાં જવાતું હતું એની ખબર પડતાં અમે એક સવારે બંદર પર પહોંચી ગયાં. ટાલિન શેંગન કંટ્રી છે એટલે અમારા ફિનલેન્ડના વિઝાથી ત્યાં પ્રવેશ મળતો હતો. બોટમાં બેસીને દોઢ કલાકમાં તો અમે ટાલિન પહોંચી ગયાં. બોટમાંથી ઉતરતાંવેંત બંદર પરથી જ અમને તેજસ્વી બ્લુ, પીળા, ગુલાબી રંગોવાળાં ઘરોનું મનમોહક દૃશ્ય દેખાયું. એ દૃશ્યની નજીકથી માણવા અમે બંદર પરથી જ ઉપડતી બસમાં એક યુરોની ટિકિટ કઢાવીને બેસી ગયાં. જો કે શહેરના હાર્દ સુધી ચાલીને પણ પહોંચી શકાય એટલું અંતર હતું. શહેરનું મુખ્ય પ્રવેશદ્વાર વિરુ ગેટસ એના શંકુ આકારની લાલ ટોપી પહેરી હોય એવાં ગોળાકાર ટાવરોથી ટાલિનને પરીકથા જેવો ઓપ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. સૌપ્રથમ અમે ટુરિસ્ટ ઇન્ફોર્મેશન સેંટરમાં જઇને માહિતી લીધી. ત્યાં અમને માહિતી સાથે જે નકશો આપ્યો તે એટલો સચોટ હતો અને શહેરનું કેન્દ્ર સાવ નાનું હતું કે કોઈની મદદની જરૂર પડે જ નહીં. ટાલિન બે ભાગમાં વહેંચાયેલું છે, નવું અને જૂનું. જૂના શહેરની વચ્ચે ટાઉન હૉલ સ્કવેર છે અને આ ચોકમાં બજાર છે. આજનાં મૉલના જમાનામાં નાની દુકાનોમાં અને ખુલ્લામાં માલ-સામાન વેચતા દુકાનદારોનું દૃશ્ય કોઈ યુરોપિયન ચિત્રકારનું પચાસથી સૌ વર્ષ પહેલાંનું ચિત્ર જોતાં હોઇએ તેવું હતું. દુકાનદારોમાંની ઘણી સ્ત્રીઓ હતી અને તેઓ રસોડામાં વાપરવાની ખૂબ જ સુંદર પ્રિન્ટ કરેલી કે ભરત ભરેલી સુતરાઉ ચીજો વેચતી હતી. ટી-કોઝી, બ્રેડ રાખવાની બાસ્કેટ અને જેને મશોતું કહેવું અપમાનરૂપ લાગે એવા સુંદર કિચન-ટાવેલ્સ ! ટાલિન અન્ય યુરોપિયન દેશોની સરખામણીમાં સોંઘું છે તેથી યુરોપિયન પર્યટકો તો મન મૂકીને ખરીદી કરતા હતા. હું પચ્ચીસ યુરોની ટી-કોઝી કેટલા રૂપિયામાં પડે તે મનમાં ગણવા લાગી.



પથ્થર જડેલા ચોકની આજુબાજુ રૅસ્ટૉરાં અને કેફે હતાં અને ચોકમાંથી ઉપર નીચે જતી ઘણી ગલીઓ ફૂટતી હતી જે શહેરની અંદર લઈ જતી હતી. અમે દૂરથી જોયેલાં રંગબેરંગી, શંકુ આકારના છાપરાં ધરાવતાં કે અણિયાળા કે પછી કાંદાના આકારના ઘુમ્મટ ધરાવતાં મકાનોને નિહાળવા અમે એ ગલીઓ તરફ વળ્યાં નગરમાં જે સૌથી ઊંચો ટાવર દેખાય છે તેરમી સદીમાં બંધાયેલું મધ્યકાલીન ચર્ચ છે. ૧૨૩ મીટરની ઊંચાઈ ધરાવતું, ઓલેવિસ્ટ તરીકે ઓળખાતું આ ચર્ચ એક જમાનામાં દુનિયાનો સૌથી ઊંચો ટાવર હતો. બે યુરોની ફી ચૂકવીને અમે સુંદર પ્રવેશદ્વારમાંથી અંદર ગયાં. આટલું જૂનું ચર્ચ બહુ સારી રીતે જળવાયું છે અને એનો રસ પડે તેવો ઈતિહાસ છે. એને અંદરથી વધુ પડતું શણગારવામાં નથી આવ્યું પણ એનું ગોથિક સ્થાપત્ય જોવું ગમે તેવું છે. ઉપર જવા માટે જૂના જમાનામાં પગથિયાં હતાં. ઉપરથી આખા ગામનો અને છેક દરિયા સુધીનો વ્યુ મળતો હતો. ટુમ્પિયા હિલ પર આવેલું એલેકઝાન્ડર નેવસ્કી કથિડ્રલ એના અલગ તરી આવતા ઘુમ્મટોને લીધે અમને ક્યારનું આકર્ષતું હતું, પથ્થરથી મઢેલા રસ્તા પર ચાલતાં, ગલીઓ વટાવતાં અમે લીલુડાં વૃક્ષોથી ઘેરાયેલી ટુમ્પિયા હિલ પર પહોંચ્યાં. અહીં કથિડ્રલ ઉપરાંત સરકારી મકાનો અને એલચી કચેરીઓ આવેલી છે. ચર્ચના કાંદાના આકારના ઘુમ્મટ રશિયન અસરની ચાડી ખાતા હતા પ્રવેશ ફી નહોતી. ચર્ચ બહારથી ભવ્ય દેખાતું હતું તેવું જ અંદરથી પણ સોનેરી રંગના ઉપયોગને લીધે ભવ્ય જણાતું હતું. સંતોનાં ચિત્રો દીવાલો પર લાગેલાં હતાં. ત્યાં ફોટા પાડવાની મનાઈ હતી એટલે એ સુંદરતાને અમે કેમેરામાં ન ઝીલી શક્યાં એનો વસવસો રહી ગયો. આપણા પગરવનો પણ અવાજ આવે એવી ત્યાં છવાયેલી ગજબની શાંતિને લીધે વાતાવરણ પવિત્ર લાગતું હતું. સાડાચાર લાખથી ઓછી વસતિ ધરાવતા ગામમાં હજુ બીજાં ઘણાં ચર્ચ છે !

ટાલિન માત્ર સુંદર મકાનોનું શહેર છે એવું નથી એની પાસે માણવો ગમે એવો દરિયાકાંઠો પણ છે. પિરિટા અને પેર્નુ ટાલિનના લોકપ્રિય સમુદ્ર તટો છે. ટાલિનની બહાર ઉત્તમ દરિયા કિનારા છે જ્યાં ટ્રેન અથવા કારથી જઇ શકાય છે. હાબનેમ નામના બીચ પર બસ જતી હતી તેથી અમે એમાં બેસી ગયાં. આ સુંદર બીચ પર શાંતિનું સામ્રાજ્ય હતું તેથી દરિયો જાણે સુવાંગ અમારા અને અમારા જેવાં બીજાં ચાર-પાંચ જણ માટે હતો ! બીચ પર આવેલા ગામમાં એમાંના લાકડાંના ઘરો જોતાં જોતાં અમે લટાર મારી અને ઍસ્ટૉનિયાનું બીજું ગામ જોયાનો સંતોષ લીધો.

પર્યટકો ભલે જૂનું ટાલિન જોવા આવતા હોય પણ એમને આધુનિક વાતાવરણ જોઈતું હોય તો તે જૂના નગરથી બે ડગલાં જ દૂર છે. મોટાં શોપિંગ અને બિઝનેસ સેન્ટર, હૉટેલ્સ બધું જ સાવ નજીકમાં છે. નવા ટાલિને એનાં કાચના મુખવટાવાળાં ચળકાટભર્યાં મકાનો સાથે જમાના સાથે કદમ મિલાવ્યા છે. એને ગ્લોબલ સિટીનો ખિતાબ મળ્યો છે અને ટૉપ ટેન ડિજિટલ સિટીમાં એની ગણના થાય છે. શહેરના નવા ભાગોમાં જવા માટે હૉપ ઓન હૉપ ઑફ બસની સવારી સારી પડે છે. આ શહેરનું એ મોટું જમા પાસું છે કે દરેક પ્રકારના લોકોને આપવા માટે એની પાસે કાંઈક છે. ઝાઝાં વાહનો વિનાના આ પિક્ચર પોસ્ટકાર્ડ જેવા નગરની ગલીકૂંચીઓમાંનું ભ્રમણ એવું તો તાજગીદાયક લાગે છે ! યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ એવું આ પ્રાચીન નગર રજાઓ ગાળવા માટે બહુ મજાનું સ્થળ છે. એટલું તો નાનકડું કે આપણે એના એક છેડેથી બીજા છેડે આસાનીથી ફરી વળીએ, પોતીકું લાગે એવું હુંફાળું અને પહેલી નજરે જ ગમી જાય એવું સુંદર ! તમે ઉતાવળમાં હો તો પાંચ-છ કલાકમાં શહેર જોઈ લેવાય છે અને તમારે આ પ્રાચીન-અર્વાચીન શહેરને ધીરે ધીરે હૃદય સોંસરવું ઉતારવું હોય, વાહનોની ધમાલથી ભરેલા તમારા પોતાના શહેરથી દૂર નિરાંતનો દમ લેવો હોય, નાઈટ લાઈફ તાણ વિના માણવી હોય તો ટાલિન એના બે હાથ પહોળા કરી તમને દિવસો સુધી સમાવી શકે છે.

- આ પરીનગરનું નાનકડું ઍરપૉર્ટ શહેરના કેન્દ્રથી માત્ર ચાર કિલોમીટર દૂર છે. યુરોપના ઘણા દેશોમાંથી ટાલિન માટે ફ્લાઈટ મળે છે. ભારતથી ડાયરેક્ટ ફ્લાઈટ નથી. યુરોપના અમુક દેશોમાંથી ઉનાળામાં ક્રુઝમાં ટાલિન જઈ શકાય છે.

– **ચંદ્રિકા લોડાયા,** 'જન્મભૂમિ'માંથી સાભાર

---

## અનુભવ

મારા બેન મધુરિકા નાગડાનું અવસાન ૬.૭.૨૦૧૭ ના મારા જન્મદિવસે થયું બે મહિના પછી બનેવી જેઠલાલ નાગડાનું અવસાન ૮.૯.૨૦૧૭ ના થયું તે દિવસે મારા પૌત્રનો જન્મદિવસ છે. આમા અમારા હૃદયમાં બન્ને દિવસ કોતરાઈ ગયા છે. એ પછી ૨૭-૨૮ ડિસેમ્બર ના શ્રી કુલપાકજી તીર્થ ક્ષેત્રે બધા પરિવારજનો ગયા અને બેન બનેવીની આત્મશાંતિ માટે પુજા આરાધના કરી. બધા વડીલોના મનમાં ભાવો હતા કે આપણે પાકેલું પાન છીએ ક્યારે ખરી પડીશું. કાંઈ નક્કી નહિં, અને પરિવારે નક્કી કર્યું કે અલગ અલગ તીર્થમાં ભેગા થશું. આવા આયોજનો પરસ્પર સ્નેહમાં વૃધ્ધિ કરે છે તથા આબાલવૃધ્ધ સૌ એકબીજાથી પરિચિત બને છે. એકતાનું વાતાવરણ નિર્માણ થાય છે.

– **હંસકુમાર રાયચંદ સાયલા,** કાચીગુડા-હૈદરાબાદ

---


।। શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથાય નમઃ ।।

# આગોતરૂં આમંત્રણ

શ્રી ઘૃતકલ્લોલ દાદાની અસીમ કપા અને ગુરૂ ભગવંતોના આશીર્વાદથી આપણું **સુથરી મહાતીર્થ ૧૭૯માં વર્ષ**માં પ્રવેશ કરે છે. આ વર્ષે ૧૭૯ મી વર્ષગાંઠ વૈશાખ સુદ ૬-૭-૮ **તા. ૨૦-૦૪-૨૦૧૮ થી તા. ૨૨-૦૪-૨૦૧૮**ના ઉજવવાનું નક્કી થયેલ છે.

**મહોત્સવની રૂપરેખા**

| | | |
|---|---|---|
| ૨૦-૦૪-૨૦૧૮ | વૈશાખ સુદ ૬, શુક્રવાર | **શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા** |
| ૨૧-૦૪-૨૦૧૮ | વૈશાખ સુદ ૭, શનિવાર | **શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ જિનાલય ૧૮ અભિષેક સવારના** |
| ૨૨-૦૪-૨૦૧૮ | વૈશાખ સુદ ૮, રવિવાર | **સત્તરભેદી પૂજા તથા શ્રી ઘૃતકલ્લોલ દાદાની ધ્વજા રોહણ** |

## શ્રી ભલારા દાદાની ધ્વજાનું આમંત્રણ

આ સાથે મૂળ સ્થાનક સોનથરીના શ્રી ભલારાદાદા તથા શ્રી સચ્ચાઈ માતાજીના મંદિરની ધ્વજા વૈશાખ સુદ ૭-૮-૯ તા. ૨૧-૦૪-૨૦૧૮ થી તા. ૨૩-૦૪-૨૦૧૮ના ઉજવવાનું નક્કી થયેલ છે.

આ બંને શુભ પ્રસંગે ભેગા મળી મહાલવાનો અવસર છે. સાજન-માજન-સ્નેહી-સ્વજન સાધર્મિકોના સંગે મહોત્સવના માહોલમાં સર્વેને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**કચ્છ જવા આવવાની સ્લીપર ક્લાસની ટ્રેન ટીકીટના દાતાઃ**

**માતુશ્રી ભમલબાઈ પદમશી પુંજાભાઈ પીર પરિવાર - સુથરી**

શ્રી સુથરી તીર્થે આગમન થયેથી ટીકીટની ઝેરોક્ષ કોપી રજુ કરવાથી ટીકીટની રકમ આપને ચૂકવ આપવામાં આવશે.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન, સુથરી**

## ધર્મસંદેશ - ૧૧૪

રચયિતા : જયકાંત મોતા - ઘાટકોપર (તેરા)
૯૮૧૯૬ ૨૮૩૮૨





**આડી ચાવીઓ -**

[૨] મુંબઇમાં ચોપાટી પાસે આવેલ આ પાર્શ્વનાથ નું દેરાસર (૩) ; [૩] ભાયખલાનું આદેશ્વરનું જિનાલય બનાવનાર (૪) ; [૬] ૧૮ માં અરનાથ નું લાંછન (૪) ; [૮] સંસારની — છેડી સુત્રો ની ગાથા ગણ ગણો (૨) ; [૧૦] દિક્ષાર્થીની દિક્ષા પછીની પાકી દિક્ષા (૨) ; [૧૩] જ્યાં પણ જિનાલયની સ્થાપના થાય ત્યાં જીરાવલ્લાનો — લખવામાં આવે છે (૪) ; [૧૭] — મુખજી સાથે ચાર પ્રતિમા અલગ અલગ દિશામાં હોય (૧) ; [૧૮] પ્રદક્ષિણા કેટલી અપાય (૩); [૧૯] પવિત્ર (૩) ; [૨૦] આયંબિલની ઓળી વર્ષ માં કેટલી વાર આવે (૧) ; [૨૧] આ આંઠ હોય (૨) ; [૨૨] મોક્ષનો — ખોલવા ધર્મની ચાવી જોઇએ (૨) ; [૨૩] સૌથી પ્રાચિન જ્ઞાન ભંડાર આ તીર્થ માં છે (૫) ; [૨૬] અપ્રતિષ્ઠિત મુર્તિઓ (૩) ; [૨૭] પ્રભુનિ તિર્થ ભૂમિ (૨) ; [૨૮] ઘણી વાર અમુક તિથિનો — હોય (૨) ; [૩૧] પંડિત વિરવિજયજી મ.સા.એ શ્રાવક શ્રાવિકા માટે શિખામણ આપેલ (૭).

(ઉકેલ અન્યત્ર)

**ઊભી ચાવીઓ -**

[૧] અભયકુમારની આદર્શ માતા (૨) ; [૨] પર્યુષણની આરાધના માટે શ્રાવકોએ કરવા જેવા પાંચ — (૩); [૪] તારે તે — (૨) ; [૫] પાલીતાણા પાસે પહાડ પર આવેલ આદેશ્વર દાદાનું તીર્થ (૪); [૬] એક તપ નું નામ (૪) ; [૭] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૩) ; [૯] ઘણા લોકો દર્શનની વસ્તુઓ નો — પ્રભુ સમક્ષ ધરાવે (૨) ; [૧૨] સાધુ-સાધ્વીઆ નું એક ઉપકરણ (૪) ; [૧૪] નવકાર એ જૈન ધર્મનો મહા — છે (૨) ; [૧૫] પ્રદિક્ષણા કેટલી ? (૨) ; [૧૬] આચાર્ય રત્નાકર સૂરીની રચના (૭) ; [૧૯] એક લોક (૩) ; [૨૪] આ ૧૬ છે (૨) ; [૨૫] જેના નામ ઉપરથી શત્રુંજયની રામપોળ છે (૩) ; [૨૮] પયુર્ષણ એ — નું પર્વ છે (૨) ; [૨૯] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨) ; [૩૦] — ભાવનું પવિત્ર ઝરણું (૨) ;

## એક અક્ષરનું આકાશ... મા !

મે મહિનાનો બીજો રવિવા મધર્સ-ડે તરીકે ઊજવવામાં આવે છે. માત્ર એક ડે પૂરતું નહીં, પણ આખા ડિવાઈનને આવરી લે એવું માતૃત્વ એ સ્ત્રીને મળેલી કરૂણામયી કૃપા છે.

ચંદ્રકાંત બક્ષીએ પોતાની બાનું સ્મરણ કરતાં આકાશે કહ્યું નવલકથામાં લખ્યું છે : મા જરૂરી હોય છે જીવનના સંચાર માટે, પૃથ્વી અથવા સૂર્યની જેમ. જીવનદાતા છે માટે જ નહીં, પણ પ્રથમ સમજદારીઓ માએ આપી હતી. સ્નેહના પહેલા ચરણ, સુગંધની વ્યાખ્યાઓ, સ્પર્શનું જ્ઞાન. વીર કે કાયર જેવાં વિશેષણ માટે યોગ્યતા. ભૂખ અને આંસુઓ અને અંધકારની સામેનું રક્ષણ. રાતની હૂંફ અને દિવસનો પ્રકાશ.

વિપિન પરીખે બા, તને આ અગ્નિ દઝાડતો નથી ને ? શીર્ષક હેઠળના લેખમાં લખેલું : મા અને હિસાબને ક્યારેય બનતું નથી. વૃક્ષ એની છાયાનો હિસાબ થોડી જ માગે છે ?

સિકંદર જેવા સિકંદરે માનાં આંસુ સામે સંપૂર્ણ સામ્રાજ્યને તુચ્છ લેખાવેલું. ઓશોનું અવલોકન ધ્યાનાર્હ છે કે બાળકના જન્મ સાથે માતા જન્મે છે. એ પહેલાં સ્ત્રી હતી, પણ મા નહીં. વિનોબા ભાવેએ માતૃત્વનો મહિમા કરતાં કહ્યું કે જગતમાં બધું પસંદ કરી શકાય છે, મા પસંદ કરી શકાતી નથી.

હરીન્દ્ર દવેએ મા વિશેના વ્યાખ્યાનમાં એક પિતાતુલ્ય નિરીક્ષણ કરેલું કે માની આંગળીમાં કાયમ એક અભય હોય છે એનો ખયાલ બાળકને માની આંગળી પકડીને જતા જોઈએ એટલે આવે છે... મા એ જન્મદાતા તો ખરી જ, પણ જેની આંખોમાં અમૃત દેખાય એ તમામ મા છે. મા પ્રત્યેક નારીમાં કોઈ અમૃતક્ષણે જાગી ઊઠે છે. મા કદી મરતી નથી. જેને પત્ર ન લખ્યો હોય, છતાં જેની આંખોમાં લખવા ધારેલા પત્રનો પ્રેમાળ જવાબ વંચાય એ મા !

ગુણવંત શાહે માતૃત્વને પરિતૃપ્તિનું પદ્ય ગણાવતાં લખ્યું : 'માતા' શબ્દ નથી શબ્દતીર્થ છે. માતા અને મૃગજળ ઝટ સમજમાં નથી આવતાં. મૃગજળ નથી, છતાં દેખાય છે. માતા સામે જ હોય તોય ખરેખર એને જોવાનું ચૂકી જવાય છે.... વિશ્વમાંથી યુદ્ધ નાબૂદ કરવાનો એકમાત્ર ઉપાય માતૃત્વનો એતોવિસ્તાર થાય તે છે. યુદ્ધગ્રસ્ત, પ્રદૂષણગ્રસ્ત, રોગગ્રસ્ત અને તાણગ્રસ્ત વિશ્વ હવે માતૃત્વ ઝંખે છે.

સુરેશ દલાલે એમની લાક્ષણિક કવિશૈલીમાં કહ્યું કે મા એ જ વિધાતા છે અને એની જોડે એક જ પ્રાસ મળે છે શાતા. Motherમાંથી M ખસેડી લો તો Other રહેશે. મા એ સ્વયં ગીત છે. એ આપણા જ કાન સાંભળે એમ ગુંજવાનું હોય. જાહેરમાં એનું ગીત પણ ન હોય અને કોરસ પણ ન હોય. મા એ કોન્વોકેશનનો નહીં, કન્વિક્શનનો વિષય છે.

મોરારિબાપુએ માને પ્રવાહી સ્વરૂપ લેખાવતા માના ત્રણ પ્રવાહ ગણાવ્યા. એક પ્રવાહ વહે છે રક્તનો પ્રવાહ, બીજો વહે છે દૂધનો પ્રવાહ અને ત્રીજો પ્રવાહ વહે છે આંસુનો પ્રવાહ. આ ત્રણ પ્રવાહ માતા વહાવતી હોય છે. ટૂંકમાં, મા ઈશ્વરની શ્રેષ્ઠ પ્રતિનિધિ છે. માતૃત્વ ઈશ્વરના સર્વોત્તમ આશીર્વાદ છે અને એની મમતા એટલે વિશ્વને ટકાવી રાખતું વહાલ. જેને માથેથી માતૃત્વનો છાયો જલદી છીનવાઈ ગયો હોય એ બાળક સાચો અર્થ સમજી શકે છે આ એક અક્ષરના આકાશનો.

**હિતેન આનંદપરા (ચિત્રલેખામાંથી સાભાર)**

# આઈન્સ્ટાઈનની સરળતા

**– પ્રવીણ સોલંકી**



આઈન્સ્ટાઈન ભલે પ્રખર વૈજ્ઞાનિક હતા, પણ ઈશ્વરમાં તેમને અખૂટ શ્રદ્ધા હતી. તેઓ માનતા કે ઈશ્વર માનવને પૃથ્વી પર અવતારે છે ત્યારે તેને ખબર હોય છે કે આ માણસની પૃથ્વી પર ક્યાંક ને ક્યાંક જરૂર છે. ઈશ્વર અકારણ કશું કરતો નથી.

આઈન્સ્ટાઈન સીધા, સાદા, આડંબરરહિત, માનવતાથી છલોછલ અને બાળક જેવા નિર્દોષ હતા. કેટલાંક દૃષ્ટાંતો જોઈએ. ૧૯૨૮માં અણુશક્તિ વિશેના તલસ્પર્શી સંશોધન માટે તેમને નોબેલ પારિતોષિક મળ્યું. ઈનામની રકમ એ સમયમાં ખાસી મોટી કહી શકાય એવી હતી. આ રકમનું તેમણે શું કર્યું ? તેમણે પત્ની એલ્સાને કહ્યું, 'તારી જો સંમતિ હોય તો મારે આ ઈનામની રકમનો યથાયોગ્ય ઉપયોગ કરવો છે. મારા મનમાં અન્યાયની જે લાગણી છે એ દૂર કરવી છે. અલબત્ત, જો તું હા પાડે તો.'

એલ્સાએ કહ્યું, 'તમે જેમાં રાજી હો એ કામની મેં ક્યારેય ના પાડી છે ?'

આઈન્સ્ટાઈન એકદમ પ્રસન્ન થયા. પછી બોલ્યા, 'જો એલ્સા; મિલેવા, મારી ભૂતપૂર્વ પત્નીને બે બાળકો સાથે છૂટાછેડા આપીને મેં અન્યાય કર્યો હોય એમ લાગે છે. ઈનામની માતબર રકમમાંથી અડધી રકમ મિલેવા અને તેનાં બાળકોને આપું તો તને કંઈ વાંધો નથીને ?'

એલ્સા પતિની આ ઉદારતા પર વારી ગઈ. તેણે કહ્યું, 'મેં મારું અસ્તિત્વ જ તમારામાં ઓગાળી નાખ્યું છે. તમારી ખુશી એ મારી ખુશી.'

જર્મનીમાં વિલિયમ કૈઝરનો યુગ સમાપ્ત થયો અને હિટલરનો ઉદય થયો. હિટલર યહૂદીઓનું નિકંદન કાઢવા તત્પર થયો ત્યારે તેના હિટ-લિસ્ટમાં આઈન્સ્ટાઈનનું નામ પણ હતું. તેમને એ ગંધ આવી જતાં બેલ્જિયમ રવાના થઈ ગયા. આ સમાચાર દુનિયાભરમાં ફરી વળ્યા. એ સમયે આઈન્સ્ટાઈનની ખ્યાતિ સમગ્ર યુરોપમાં છવાઈ ગઈ હતી. અમેરિકાએ તેમને આમંત્રણ આપ્યું અને તેમણે ત્યાં સ્થાયી થવાનો નિર્ણય કર્યો.

આ નિર્ણયની અમેરિકન પ્રજાને જાણ થતાં હર્ષથી ઝૂમી ઊઠી. તેમનું શાનદાર સ્વાગત થયું. ખુલ્લી કારમાં આઈન્સ્ટાઈન અને એલ્સાને બેસાડવામાં આવ્યાં. રસ્તાની બન્ને બાજૂ ટોળેટોળાં હર્ષનાદ કરીને બન્ને પર ફૂલો વરસાવતાં હતાં. બિચારી એલ્સા તો આવા સત્કારથી બાધી બની ગઈ હતી, પણ આઈન્સ્ટાઈન સાવ નિર્વિકાર હતા. તેઓ પોતાના વિચારોમાં ખોવાઈને ચૂપચાપ બેઠા હતા. જાણે આ બધું તેમણે જોયું જ ન હોય એમ. એલ્સાએ તેમને કોણી મારી ધીમેથી કહ્યું, 'કેટલા બધા લોકો તમારાં દર્શન માટે ઊમટ્યા છે. તમે જરાક તો હસતું મોઢું રાખો. આંખ મીંચીને ચૂપચાપ કેમ બેઠા છો ?'

એ ઓલિયો બોલ્યો, 'મને આ બધું એક તમાશા જેવું લાગે છે. ટોળાએ આપેલું માન ક્ષણિક હોય છે, આવેશમય હોય છે. આપણું સરઘસ નહીં, સર્કસ નીકળ્યું હોય એમ લાગે છે. મારામાં જોવા જેવું છે શું ? મારા કરતાં કોઈ જિરાફ કે હાથી જોવામાં આ લોકોને વધારે મજા આવી હોત.'

બિચારી એલ્સા શું જવાબ આપે ?

યુનાઈટેડ સ્ટેટ્સની વિજ્ઞાન શાખામાં પ્રાધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ ત્યારે સંચાલકોને એ

*કાગળ પર છળ કોતરી જોવા બેઠો કાળ, હળવે જોતર જાતને (તું) પોત પરખને ભાળ.*
*મરદ તણા લખ મરશિયાં ગા તું ગરિમા ગીત, જંતર-મંતર આયખું ભડભડ બળતી ઝાળ.*
*તું ભાળ જરી ભીતરે ખળભળ થાતી જાત, સાંભળ, સુણ કાન દઈ સમજ ખરો જ પ્રપાત.*

મૂંઝવણ થઈ કે આટલા મોટા વૈજ્ઞાનિકને પગાર શું આપવો ? બધાએ નક્કી કરી કર્યું કે આપણે તેમને જ પૂછી જોઈએ. તેમને પૂછવામાં આવતાં તેઓ ઘડીભર માથું ખંજવાળવા લાગ્યા. તેમને સમજ ન પડી  કે શું પગાર માગવો. તે બોલ્યા, 'અહીં અમેરિકાના જીવનધોરણની મને ખબર નથી. બે જણને સાદાઈથી રહેવા માટે વર્ષે કેટલો ખર્ચ આવે એનો અંદાજ આપ લોકોને તો હશે જ. તમને ઠીક લાગે એ આપજો, થોડું ઓછું હશે તો પણ નભાવી લઈશું.

પેલા સંચાલકોને લાગ્યું કે આસમાનથી કોઈ ફરિશ્તો ભૂલો પડીને અહીં આવ્યો છે.

એક વાર આઈન્સ્ટાઈનને લંડનથી બ્રસેલ્સ જવાનું થયું. સ્ટેશન પહોંચ્યા પછી ખબર પડી કે પૈસાનું પાકીટ ઘરે જ ભૂલી ગયા છે. શર્ટના ખિસ્સામાં થોડાઘણા પૈસા હતા. એમાંથી થર્ડ ક્લાસની ટિકિટ નીકળી શકે એમ હતી. પહોંચ્યા બ્રસેલ્સ. સ્ટેશન પર ઊતર્યા. હવે ? ખિસ્સાં ખાલી હતાં ને મગજમાં વિચારો ભરપૂર હતા. અચાનક યાદ આવ્યું કે લિંકન મહેલ બ્રસેલ્સમાં જ આવેલો છે, રાજકુટુંબે ઘણી વાર આમંત્રણ આપ્યું છે તો ત્યાં પહોંચી જાઉં ! પણ જવું કઈ રીતે ? ખિસ્સામાં થોડુંક પરચૂરણ જ હતું. તેઓ એક નાનકડી હોટેલમાં ગયા. ધીમેથી આજીજી કરતાં કહ્યું કે મારે રાજમહેલમાં એક ફોન કરવો છે, મહેરબાની કરી મને કરવા દેશો ? મેનેજર તેમની સામે તાકી રહ્યો. મુફલિસ, ગમાર, ગમાડિયા જેવા લાગતા માણસને રાજમહેલમાં ફોન કરવાની વાતો કરતો જોઈને તે મનમાં હસી પડ્યો. મજાક કરતાં બોલ્યો કે ફોન નંબર છે ? આઈન્સ્ટાઈને નંબર આપ્યો. મેનેજરે કુતૂહલ ખાતર ફોન જોડીને આપ્યો. જ્યારે તેને સંભળાયું કે 'હું આલ્બર્ટ આઈન્સ્ટાઈન બોલું છું' કે મેનેજર ડઘાઈ ગયો. હોટેલમાં ધમાચકડી મચી ગઈ. લોકોનું ટોળું ભેગું થઈ ગયું.

ઘરે પાછા આવ્યા પછી પત્ની એલ્સાને આ વાત કરી ત્યારે તે ઊકળી ઊઠી. કહ્યું, 'આલ્બર્ટ તમે ક્યારે સુધરશો ? સાવ નાના બાળક જેવા જ છો. જરાક તો તમારા માન-મોભાનો ખ્યાલ રાખો. બીજું બધું તો ઠીક, વિશ્વનો મહાન વૈજ્ઞાનિક ત્રીજા વર્ગમાં મુસાફરી કરે એ કેટલું બધું ખરાબ લાગે !'

આઈન્સ્ટાઈને કહ્યું, 'ઘેલી, ત્રીજા વર્ગમાં મુસાફરી કરવાની જે મજા છે એ પહેલા વર્ગમાં ક્યાં છે ? ત્રીજા વર્ગમાં સામાન્ય માણસનાં સુખ-દુઃખની વાતો સાંભળવા મળે. પહેલા વર્ગમાં તો લોકો તોબડો ચડાવીને બેઠા હોય, એકબીજા સામે જુએ પણ નહીં. જાણે અભિમાનનાં પૂતળાં. ત્રીજા વર્ગના માણસોનો વર્ગ ભલે ત્રીજો હોય, તેમની સરળતા એક નંબરની હોય છે. એવી સરળતાનો હું ચાહક છું.'

એક ફિલ્મ-પ્રોડ્યુસરે પોતાની ફિલ્મમાં આઈન્સ્ટાઈનનો એક પ્રસંગ આવરી લીધો હતો. માત્ર દસ જ મિનિટનું એ દશ્ય હતું. ડિરેક્ટરે આઈન્સ્ટાઈનના રોલ માટે એક કલાકારની પસંદગી પણ કરી લીધી હતી, પણ પ્રોડ્યુસરને થયું કે આ પાત્ર આઈન્સ્ટાઈન પોતે ભજવે તો રંગ રહી જાય. તે તેમને મળવા ગયા. કહ્યું, 'સર, તમારે દશ્યમાં બીજું કંઈ પણ કરવાનું નથી. સંવાદ પણ બોલવાના નથી. આપ સાપેક્ષવાદનો સિદ્ધાંત સમજાવતા હો એમ બ્લેક-બોર્ડ પર ચોકથી ફક્ત આંકડા લખી રહ્યા હો એવો અભિનય કરવાનો છે. આટલા કામ માટે અમે તમને પુરસ્કાર પેટે મોટી રકમ આપીશું.'

આઈન્સ્ટાઈન વ્યંગભર્યા ચહેરે તેની સામે જોઈ બોલ્યા, 'મહાશય, રકમ તો ભલે મોટી હોય, તમારી સમજણ ખોટી છે. હું વૈજ્ઞાનિક છું, અભિનેતા નથી કે મોટી રકમથી લલચાઈ જાઉં ! મારું ક્ષેત્ર વિજ્ઞાનનું છે, અભિનયનું નહીં અને જે ક્ષેત્રનું મને જ્ઞાન નથી એમાં ચંચુપાત કરવાનું મને યોગ્ય નથી લાગતું એટલે મને માફ કરો. મારા અભિનય કરવાથી તમારો ધંધો કદાચ વધે, પણ મારું નામ ચોક્કસ ઘટે !'

ટ્રેન પૂરપાટ જઈ રહી હતી. ડાઈનિંગ કારમાં એક વ્યક્તિ આવીને બેઠી. વાંચવા માટે હાથમાં મેનુ લીધું ને બધું કાળું ધબ્બ દેખાયું. ચશ્માં ભૂલી ગયા હતા.

*બેસું સુણવા સાચને સામે બેસી આમ, સમય વિતે તું લાધશે - હા કહું તને તમામ.*
*સુખદુખ વા દર્દ ભાંગવા (હવે) લાંગણ ગણવા બેસ,*
*લાંગણ ખૂટે શું થયું ? (બસ) લે તું માંગળ વેશ.*

વ્યક્તિએ વેઈટરને બોલાવીને કહ્યું, 'આમાં જે-જે વાનગીઓ છે એનાં નામ અને ભાવ કહે.'

પેલા વેઈટરે વ્યક્તિ સામે આશ્ચર્યથી મોઢું પહોળું કરી જોવા માંડ્યું. કહ્યું, 'સાહેબ આ મેનુ નથી, કોઈ જાહેરાતની બુકલેટ છે.'

વ્યક્તિએ કહ્યું, 'માફ કરજે દોસ્ત, ચશ્માં નથી એટલે આવું થયું. ચશ્માં હું મારી સીટ પર ભૂલી ગયો છું.'

વેઈટરે કહ્યું, 'સાહેબ, તમે તમારા મગજનો ઈલાજ કરાવો. ચશ્માં તમારા માથા પર જ ભરાવેલાં છે.'

એ વ્યક્તિ એટલે આઈન્સ્ટાઈન.

એક વાર જર્મન એલચીના મહેમાન બનવાનો આઈન્સ્ટાઈનને લહાવો મળ્યો. આઠ-દસ દિવસનો મુકામ હતો. બે દિવસ બરાબર ગયા, પણ પછી દરરોજ તેમને આશ્ચર્યકારક અનુભવ થવા લાગ્યો. એક વાર પોતાનાં બૂટ કાઢી સોફા પર આરામ કરતા પડ્યા હતા ત્યાં વિચાર આવ્યો કે લાવ શાહીબાગમાં લટાર મારી લઉં! ઊભા થઈને જોયું તો બૂટ ગુમ. તેઓ ફરીથી સોફા પર લંબાવીને વિચારમાં ખોવાઈ ગયા. ક્યાં ગયાં હશે બૂટ? પડખું ફેરવીને જોયું તો બૂટ હાજર હતાં. આવું બે-ત્રણ દિવસ બન્યું. તેઓ વૈજ્ઞાનિક હતા. ભૂતબૂતમાં તો માને જ નહીં. તેમણે કારણ શોધવાનો નિશ્ચય કરી લીધો. એક વાર આંખ મીંચવાનો ઢોંગ કરીને ચાંપતી નજર રાખી સોફા પર સુવાનો ઢોંગ કરી પડ્યા રહ્યા. થોડી વારે એક માણસ આવ્યો, બૂટ લઈને ચાલતો થયો. આઈન્સ્ટાઈન સફાળા બેઠા થયા. તેને પકડવાને બદલે વિચારવા લાગ્યા કે આ માણસ આમ શું કામ કરતો હશે? બૂટ લઈ જાય છે, પાછો મૂકી પણ જાય છે. પાગલ હશે? તે વધુ વિચારે એ પહેલાં પેલો માણસ બૂટ લઈને પાછો આવ્યો. આઈન્સ્ટાઈને તેને બાજુમાં બેસાડી કહ્યું, 'આટલા દિવસથી તેં મારી ઊંઘ હરામ કરી દીધી છે. આવું તું શું કામ કરે છે?'

પેલાએ કહ્યું, 'હું તો મારી ફરજ બજાવું છું. શાહી રિવાજ છે કે કોઈ મહેમાન બૂટ કાઢે કે તરત તેને પોલિશ કરવા લઈ જવાનાં. આખો દિવસ મારું આ એક જ કામ હોય છે.'

આઈન્સ્ટાઈન હસી પડ્યા. કહ્યું, 'ભાઈ, હવેથી આવું ન કરતો. હું ઘરે પણ મારા બૂટને મહિને દિવસે પોલિશ કરું છું, જાતે પોતે!'

હવે આશ્ચર્ય પેલો માણસ પામ્યો. આવો મહાન માણસ બૂટને પોતે પોલિશ કરે?

### અને છેલ્લે....

આઈન્સ્ટાઈન જેટલા સરળ હતા એટલા આધ્યાત્મિક પણ હતા. તેમણે એક જગ્યાએ લખ્યું છે, 'આપણે આપણી બુદ્ધિને ભગવાન માનીને ચલાવાનું નથી. એના સ્નાયુ તો ઘણા મજબૂત છે, પરંતુ એની પાસે વ્યક્તિત્વ નથી. ઈશ્વર પાસે આપણે સૌ સરખા ડાહ્યા અને સરખા મૂર્ખ છીએ.'

વળી તેમણે લખ્યું છે, 'વિજ્ઞાન વિનાનો ધર્મ આંધળો છે અને ધર્મ વિનાનું વિજ્ઞાન લંગડું છે.'

### સમાપન

આઈન્સ્ટાઈનની ફિલોસોફીને જાણે અનુસરતા હોય એમ કવિશ્રી રાજેન્દ્ર શુક્લે એક રચના કરી છે જે માણવા જેવી જ નહીં, વાગોળવા જેવી પણ છે :

**કીડી સમી ક્ષણોની આ આવજાવ શું છે?**
**મારું સ્વરૂપ શું છે, મારો સ્વભાવ શું છે?**
**ઋતુઓના રંગ શું છે, ફૂલોની ગંધ શું છે?**
**લગની, લગાવ, લહેરો; આ હાવભાવ શું છે?**
**ભયને ખબર નથી કૈં, આકાર પણ અવાચક**
**શું છે રમત પવનની, ડાળીનો દાવ શું છે?**
**પાણીની વચ્ચે પ્રજળે, કજળે કળી કળીમાં**
**એનો ઈલાજ શું છે? આનો બચાવ શું છે?**

*ગુંગા મૂંગા આપણે તે સાંભળ (ને) સુણ સાચ, માંગણ વેશે માંગવું (ને) ગણવા બેસ તું ગાત.*
*પાકટ પીડા જણ હવે જણતર ભાર ન રાખ, કથ કડવી કથની હવે વય વેતર વા સાંધ.*
*- પ્રાણજીવન મહેતા*

સમાચાર
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### પુણે સખીવૃંદ મહિલા મંડળ



સખીવૃંદ મહિલા મંડળ (SVMM) એ પચ્ચીસમાં વર્ષમાં સફળ પ્રવેશ કર્યો માટે આ વર્ષ છે (SVMM) નો સિલ્વર વર્ષ. સિલ્વર વર્ષની પ્રથમ મિટિંગ ૧૧/૧૧/૨૦૧૭ના લેવાનો લ્હાવો શ્વેતાબેન જ્ઞાનેશભાઈ ડાઘાએ ઝડપી લીધો. તેમણે સૌ બહેનોના સ્વાસ્થ ને મહત્વ આપવા જ્યુપિટર હોસ્પિટલની વિઝિટ ગોઠવી. જેમાં સ્વાસ્થ્ય વિષે ખુબજ અગત્યની માહિતી તથા વિવિધ વિષય પર સંવાદ પણ રાખવામાં આવ્યો.

ડૉ. ક્રિષ્ના મેહતાએ હોસ્પિટલ તથા એમ્બ્યુલન્સ વિષે પણ માહિતી આપી. ત્યારબાદ ડૉ. પ્રાંજલી ગાડગીલએ ''બ્રેસ્ટ કેન્સર'' વિષય પર ખૂબજ ઊંડાણમાં જાણકારી આપી. તેઓએ બહેનાના સવાલોના સંતોષકારક જવાબ આપેલ. કોઓર્ડિનેટોર મિસ્ટર ગિરીશ નિકમ, મિસ્ટર પંકજ ભગત, તથા મિસ્ટર ધીરજ જોશીએ હૉસ્પિટલ ટૂર કરાવી. ડૉક્ટર રીદ્ધીમા પાંડેએ ડાયટ તથા સ્વસ્થ જીવનશૈલી પર પ્રકાશ પાડેલ. ડૉક્ટર પૂર્વા પંડિતએ ફિઝિયોથેરાપી પર જાણકારી આપી.

અંતમાં SVMM વતી શ્વેતાબેનએ ત્રણે ડૉક્ટર્સને ભેટ આપીને આભાર વ્યક્ત કર્યો.

જ્યુપિટર હૉસ્પિટલ તરફથી સૌ બહેનોને તથા તેમના પરિવારજનો તથા સમાજના અન્ય સભ્યો ૫૦% ડિસ્કાઉન્ટ માટે હેલ્થ કેમ્પના કૂપન્સ આપવામાં આવ્યા.

### શ્રી સમસ્ત મહાજનના કેલેન્ડર-૨૦૧૮નું વિમોચન

આપણી અચલગચ્છીય સમાચારી અનુસારના તિથી વિ. ની સમજણ ઉપરાંત દરેક મુળભૂત ગામો અને જ્ઞાતિ દ્વારા નિર્મિત જિનાલયોના વર્ષગાંઠની વિગતો ઉપરાંત પાછળની તરફ અનેક પ્રકારની ઉપયોગી માહિતી સાથેના આર્ટ પેપર પર મુદ્રિત થયેલ ૧૨ પાનાના રંગીન કેલેન્ડરનું વિમોચન ૩૧-૧૨-૨૦૧૮ના જૈનમ હૉલ ભાંડુપમાં થયું હતું જે વેળા મે. ટ્રસ્ટી શ્રી કલ્પેશભાઈ મોતા, મે. ટ્રસ્ટીશ્રી અરવિંદભાઈ લોડાયા, સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતા તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ તથા શ્રી વારાપધર મહાજનના ટ્રસ્ટીશ્રીઓ અને અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુન્ડ

શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ - મુલુંડ દ્વારા આયોજીત અચલ ગચ્છ અધિષ્ઠાયિકા ભગવતી શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૮/૧/૨૦૧૮ ના રવિવાર ના રાતના ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે, ઝવેર રોડ, મુલુન્ડ મધે રાખેલ છે. જેનો સમ્પુર્ણ લાભ મા. મણીબેન મેઘજી ધુલ્લા પરિવાર - સુથરી, મા. લક્ષ્મીબેન ખીમજી મૈશેરી પરિવાર - મોટી સિંઘોડી અને મા. પ્રેમીલાબેન પદમશી ખોના પરિવાર - જખૌ વાળાએ લીધેલ છે. રીધ્ધી સીધ્ધી મંડળ ભાવનામાં રંગત જમાવશે. આવતા માસની ભાવના ૨૫/૨/૨૦૧૮ ના છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર - જખૌવાળાએ લીધેલ છે.

### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સમાજ વડોદરા

અત્રે ૨૨-૧૨-૨૦૧૭ના જખૌના માતુશ્રી નવલબેન જેચંદ દામજી લોડાયા પરિવાર તથા અ.સૌ. ઉર્મિલાબેન પંકજકુમાર મોમાયા દ્વારા 'શ્રી ચક્રેશ્વરી સાધના ભવન''નું ઉદ્‌ઘાટન થયું હતું. જેનું જૈન સાધુ-સાધ્વી ભગવંતો ઉપાશ્રય તરીકે તથા સાધર્મિક શ્રાવક-શ્રાવિકા જ્ઞાનની સાધના માટે ઉપયોગ કરી શકશે. સાધના ભવનની તક્તીનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અચલગચ્છાધિપતિ પૂ. જૈનાચાર્ય આ.ભ. શ્રી ગુણોદયસાગર સૂરીશ્વરજી મહારાજા સાહેબ, પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગર સૂરીશ્વરજી મસા., જ્યોતિષાચાર્ય પૂ. આ.ભ. શ્રી વીરભદ્રસાગર સૂરીશ્વરજી મ.સા., પૂ. મુનિશ્રી રાજરત્નસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી ભાગ્યોદયસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી કલ્પતરૂસાગરજી મ.સા., પૂ. મુનિશ્રી આગમોદયસાગરજી મ.સા. તથા પૂ. મુનિશ્રી ભવ્યોદયસાગરજી મ.સા. આદિ મુનિવૃંદ વહેલી સવારે ઉગ્ર વિહાર કરી પધાર્યા હતા, આ મુનિવરોએ માતુશ્રી નવલબેન જેંચંદ દામજી લોડાયા પરિવારના નિવાસસ્થાને પધાર્યા અને પારણાનો લાભ આપ્યો. જ્યારે સકળ સંઘ માટે દાતા પરિવાર તરફથી નવકારશીની ઉમદા વ્યવસ્થા કરવામાં આવી હતી.

### શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ

શ્રી મહાવીર જૈન ચરિત્ર કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ

રત્નાશ્રમ દ્વારા સંસ્થાના વર્ષ ૨૦૧૮-૨૦૧૯ માટે નવા દાખલ થવા માટેના એડમીશન ફોર્મનું વિતરણ શરૂ થઈ ગયેલ છે. ધોરણ ૬ અને ૭ અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ માટે ફોર્મ મેળવવા ઇચ્છુક વાલીઓએ સંસ્થાની દાદર (ઈસ્ટ) ખાતે આવેલી ઓફિસમાં સંપર્ક કરવો. સમય ૧૨ થી ૫. રવિવાર બંધ ફોન – 022-24165639, મોબાઈલ – 8356881559.

**આરોગ્ય... હેલ્થ ટીપ્સ... પુસ્તકનું પ્રકાશન**

પુસ્તકના પ્રકાશક : પ્રમિલા કુરૂવા ફાઉન્ડેશન, અમદાવાદ. લેખન ને સંપાદન : ચૌલા કુરૂવા. આ પુસ્તકમાં નાના મોટા ૬૦ જેટલા રોગોના ઉપચાર સરળ રીતે આપવામાં આવ્યા છે. જે આપણા રસોડાની વસ્તુના મોટાભાગે છે. કી. રૂા. ૧૦૦/- સમાજના સભ્યો માટે ૨૫% ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. **eshsbda.com** પર ઈબુક પણ છે. મોબાઈલ / વોટસ અપ નં. 99130 12120

**ભાંડુપ નગરે ૩૫ દિવસીય વાચનાશ્રેણિ**
**૬૮ ઠાણા સંયમીઓએ જ્ઞાનની ધૂણી ધખાવી**

અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) સંઘ સ્થાપનાના ૫૦ વર્ષ નિમિત્તે, એમના ઉપક્રમે ભાંડુપ નગરે જ્ઞાનયજ્ઞ મંડાયો છે. આગમ દિવાકર પૂ. આ. ભ. મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં ૬૮ ઠાણા સાધુ-સાધ્વીજી ભગવાન નો સુંદર જ્ઞાનાભ્યાસ ચાલુ છે.

દરરોજ સવારે ૬ થી ૬.૪૫ સમૂહમાં દેવવંદન, સવારે ૭ થી ૮ પૂ. ઉદયરત્નસાગરજી મ.સા., સવારે ૯ થી ૧૧.૩૦ પૂ. આ.ભ. મહોદયસાગરસૂરિજી મ. (ઉપમિતિ ભવ પ્રપંચા મહાકથા ઉપર), બપોરે ૩ થી ૪ પૂ. ગુણવલ્લભસાગરજી મ.સા. આ રીતનો દૈનિક કાર્યક્રમ ચાલી રહેલ છે.

**શ્રી કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કલીકટ**

કે.ડી.ઓ. જૈન જ્ઞાતિ મહાજનની કમિટી મીટીંગ માં નક્કી કરવામાં આવેલ કે આપણે પહેરવા લાયક કપડા સમાજમાંથી શ્રી ભેગા કરવા અને જરૂરત મંદ સંસ્થાઓ (Poor Home, Hospital for Mentally Challenged Persons, Balvikas Kendra) માં આપવા જેથી ત્યાં બધાને ઉપયોગમાં આવી શકે. એ સંદર્ભમાં મહાજનનાં અધિકારીઓ ૧૫ બંડલ કપડા ભેગા કરી વ્યવસ્થિત રીતે જમાવી અત્રે કલીકટની Mental Hospitalમાં પહોંચાડી આવ્યા. હવે થોડા ટાઈમ પછી બીજી જરૂરતમંદ સંસ્થાઓ માં KDO સમાજમાં થી કપડા ભેગા કરી પહોંચડવામાં આવશે.

**પાસ થયા અભિનંદન**



**યશસ્વીની મણિલાલ ગોસર**
વારાપધર (દવનગીરી), કર્નાટક
માસ્ટર ઈન સાયકો થેરાપી (MPT)

**હોમિયોપેથિક મેડીકલ કેમ્પ**

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૬૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા માટે શનિવાર, તા. ૨૭-૦૧-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોડ તથા અન્ય રોગ માટે શનિવાર તા. ૨૭-૦૧-૨૦૧૮ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર તા. ૨૮-૦૧-૨૦૧૮ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 09619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

**રાહુલ સતીષ નાગડા પ્રજાઉ (તિરપુર)**

વિન્ફોરમેક્સ ડાયમેન્શન ટેક્નો- બેંગલોર તરફથી 'ધ એક્સેપશનલ વર્ક એસ એ એડીટર'નો એવોર્ડ મળેલ છે.



**ભુલ સુધાર :**
**મિતેશ રમેશ મોમાયા (જખૌ-બેંગલોર)**

ગતાંક (અંક નં. ૨)માં પ્રગટ થયેલ જ્ઞાતિના સાહસિક પર્વતારોહક અને કુદરતી આફતોમાં જીવનરક્ષક, માનવતાવાદી અને સહાયકારી પ્રવૃત્તિઓના ઉત્સાહી કાર્યકર મિતેશ મોમાયા (B.A. Journalism)ની મુલાકાત શ્રી હીરાચંદ દામજી દંડ (મંજલ) દ્વારા લેવામાં આવી હતી.

---

**જીવનચક્રમાં** ગતાંક (અંક નં. ૨) મરણ વિભાગમાં ૦૨-૦૧-૧૮ - મુલુંડ - કીઆ દર્શન દીપકભાઈ ડાઘા વરાડીયા વાંચવું.

---

**જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ અને ગૌશાળાની જાહેરાતમાં** ગતાંક (અંક નં. ૨) માતુશ્રી સોનબાઈ વિસનજી ખીમજી મૈશેરી પરિવાર - જખૌવાળા તરફથી એમની પુત્રી સ્વ. જયાબેન રતિલાલ દેઢિયા (બિદડા)ની બીજી પુણ્યતિથી (૨૩-૧૨-૨૦૧૭)નિમિત્તે રૂપિયા ૧૧૧,૧૧૧/-નું અનુદાન મળેલ છે.

**નવા/બદલાયેલા સરનામા/ફોન** – (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **ચત્રભુજ કુંવરજી શાહ (ધરમશી)** (PS 5766) | મે. રાજેશ કુમાર એન્ડ કાં., સી. પ્રભુદાસ ચાલ, માલ ગોડાઉન, મહેસાણા - ૩૮૪ ૦૦૨. |
| **સાવન ગૌતમ મોમાયા** (PS 7265) | જે-૧૦૨, વર્ધમાન નગર, બાબુભાઈ જગજીવનદાસની બાજુમાં, ડૉ. આર.પી. માર્ગ, મુલુંડ (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૦. મો.: ૦૯૯૮૭૫ ૮૩૦૧૧ |
| **જીતેન્દ્ર હીરાચંદ મોમાયા** (PS 2222) | ૨૦૨, વી. એસ. રેસીડેન્સી, બીજે માળે, જવેરબાઈ પ્લોટ, ભટવાડી, બર્વે નગર, આર. બી. કદમ માર્ગ, ઘાટકોપર (વે.), મુંબઈ-૪૦૦ ૦૮૪. |
| **ચંદ્રકાંત વેલજી પટેલ (પોલડીયા)** (PS 6878) | ૪૦૨, મહાલક્ષ્મી એપાર્ટમેન્ટ્સ, ૪થે માળે, એચપી ગેસ પેટ્રોલ પંપ પાસે, શાસ્ત્રી નગર, નાગપુર - ૪૪૦ ૦૦૮. મો. : ૦૯૪૦૩૫ ૯૨૩૮૭ |
| **રતિલાલ વેરશી નાગડા** (PS 5971) | એન. એમ. એપાર્ટમેન્ટ, એફ ૩, ટી/૧, ૩જે માળે, વલિપલાયમ મેન રોડ, તિરૂપુર - ૬૪૧ ૬૦૧. મો. : ૦૯૮૯૪૦ ૪૮૪૮૫ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૧૨-૧૭ | ન્યુ યોર્ક | નીઅલ, પૂર્વી ગુંજન બિપીનકુમાર મોમાયા | સાંયરા | પુત્ર |
| ૨૬-૧૨-૧૭ | અંજાર | ચૈત્યા, નિરાલી ચિરાગ કિર્તીભાઈ ધરમશી | તેરા | પુત્રી |
| ૦૯-૧૧-૧૭ | ભાંડુપ | ક્રિષય, દિપાલી ગુલાબચંદ દંડ | મંજલ રેલડિયા | પુત્ર |
| ૧૬-૧૧-૧૭ | મુલુંડ | રાવી, મિતલ ચિરાગ જવેરચંદ લાલકા | નલિયા | પુત્રી |

### સગપણ (ભુલ સુધાર)

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૧૭ | લોકાપુર | ફાલ્ગુન તેજકુમાર કેશવજી ધરમશી | સુથરી | ૨૫ |
| | હાલોલ | નિધિ વિજેશ પુનમચંદ નાગડા | કોઠારા | ૨૫ |

### લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૧૨-૧૭ | માહિમ | વૈભવ ભારત વાલજી ધરમશી | કોઠારા | ૨૭ |
| | ટીટવાલા | હેતલ લલિત નરશી લોડાયા (પીર) | સુથરી | ૨૬ |
| ૧૦-૧૨-૧૭ | થાણા | યમીશ લલીત ધરમશી | સુથરી | ૨૭ |
| | - | માનસી કિરીટ દંડ | લાલા | ૨૪ |
| ૧૩-૧૨-૧૭ | ડોમ્બીવલી | સંદીપ પ્રવીણ કુંવરજી મોતા | જસાપર | ૨૭ |
| | ડોમ્બીવલી | જક્ષિતા અનિલ શામજી ધરમશી | જખૌ | ૨૩ |

### લગ્ન છુટા થયા

| | | | | |
|---|---|---|---|---|
| ૧૮-૦૮-૧૭ | સાંતાક્રુઝ | નિકુંજ દિનેશ કુંવરજી દંડ | ભરૂડિયા | ૩૦ |
| | નાંદેડ | નમ્રતા વિજય લીલાધર લાપસિયા (શાહ) | દલતુંગી | ૨૫ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩-૧૨-૧૭ | અમદાવાદ | ચંદનબાઈ લક્ષ્મીચંદ મોતા | સુથરી | ૮૪ |
| ૦૪-૦૧-૧૮ | ઊંઝા | વિજયાબેન દેવજી રાયસી ધુલ્લા | સુથરી | ૮૮ |
| ૦૯-૦૧-૧૮ | ડોમ્બીવલી | કાંતાબેન મણીલાલ વીરજી લોડાયા | નાની ખાવડી | ૭૩ |
| ૦૯-૦૧-૧૮ | ગોવા | પ્રફુલ લાલજી છેડા | નલિયા | ૬૦ |
| ૧૦-૦૧-૧૮ | આંતરજાલ | દિપક નારાણજી ખોના | નલિયા | ૬૦ |
| ૧૨-૦૧-૧૮ | ઘાટકોપર | હિરાબેન મહેન્દ્ર ઉમરશી મૈશેરી | જખૌ | ૬૧ |

## ધર્મસંદેશ - ૧૧૪ નો ઉકેલ

આડી ચાવીઓ -
(૨) કલ્યાણ (૩) મોતીશાહ (૬) નંદાવર્ત (૮) વ્યથા
(૧૦) વડી (૧૧) ગોચરિ (૧૩) રક્ષામંત્ર (૧૭) ચૌ
(૧૮) ત્રણ (૧૯) પાવન (૨૦) બે (૨૧) કર્મ
(૨૨) તાળો (૨૩) જેસલમેર (૨૬) પરોણા
(૨૭) ધામ (૨૮) ક્ષય (૩૧) હિત શિક્ષા છત્રીશી

ઊભી ચાવીઓ -
(૧) નંદા (૨) કર્તવ્ય (૪) તીર્થ (૫) હસ્તગિરી
(૬) નંદીશ્વર (૭) ભુવન (૯) થાળ (૧૨) ચરવળો
(૧૪) મંત્ર (૧૫) ત્રણ (૧૬) રત્નાકર પચ્ચીસી
(૧૯) પાતાળ (૨૪) સતી (૨૫) રામજી (૨૮) ક્ષમા
(૨૯) વહી (૩૦) મૈત્રી

# પૂ. માતા-પિતાને તૃતીય પુણ્યતિથિએ સ્મૃતિવંદના





**શ્રી શિવજી ટોકરશી લોડાયા** **અ.સૌ. વિમલાબેન શિવજી લોડાયા**

આપના હેત ભર્યા હાથ અને હૈયાની હુંફ સાંભરે....
સેવા, સંકલ્પ કામની અણમોલ શીખ સાંભરે....
ખમીર, ખુમારી, ખેલદિલીનો ત્રિવેણી સંગમ સાંભરે....
આપની પ્રેમાળ સ્મૃતિઓ તો પળે પળે સાંભરે....

# પૂ. મોટા બેન-બનેવીને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

૧૫મી પુણ્યતિથિએ ૧૩મી પુણ્યતિથિએ





**શ્રી હિરાચંદ લીલાધર ખોના** **શ્રીમતી લતાબેન હિરાચંદ ખોના**

આપના ઉપકારોના અમે ચૂકવી શકીએ ના મૂલ
અર્પણ કરીએ આપ વડીલોને અશ્રુભરી આંખે સ્મૃતિનાં ફુલ.

હે પ્રભુ,
આ જીવાત્માઓને સદ્‌ગતિ અર્પી મોક્ષસુખની પ્રાપ્તિ થાય એવી પ્રાર્થના સહ અભ્યર્થના...

લી.

અ.સૌ. નિરૂપમા હરીશ શિવજી
અ.સૌ. હેમન્તી હિરેન શિવજી
અ.સૌ. વૈશાલી વિપુલ શિવજી
અ.સૌ. શિલ્પા ગિરીશ શિવજી
અ.સૌ. જીંકલ શશાંક નાગડા

અ.સૌ. કાશ્મીરા કિશોર ખોના
અ.સૌ. જયશ્રી દીનેશ નાગડા
અ.સૌ. વૈશાલી જીગર ખોના
અ.સૌ. દિપ્તી મીતેશ નાગડા
અ.સૌ. મનાલી કુશલ ધુલ્લા

ચિ. ખંતિલ, દર્શન, સ્નેહા, આકાશ, નીરવ, બાદલ, આયુષી, હર્ષ

**સમસ્ત કાનજી વિરમ પરિવારની અંતરભીની આદરાંજલિ**
**અને સમસ્ત અનુપમ પરિવારના નમનસહ શ્રદ્ધાસુમન**

C.D.O. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday (15-01-18)
Postal Regd. No. MCS/217/2018-2020
Posting : Tuesday/Wednesday Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# શ્રદ્ધા-સુમન



જન્મ :
તા. ૧૪-૧૦-૧૯૨૭

અરિહંત શરણ :
તા. ૦૩-૦૧-૨૦૧૮

## સ્વ. વિજયાબેન દેવજીભાઈ દૌલત (સુથરી - ઊંઝા)

''સ્મરણો ભીંજવે છે હૈયું, ને હૈયું ભીંજવે છે આંખ,
હવે તો રહેશે કેવળ તમારા, કરેલા સુકૃતોનો સંગાથ''

૧૪-૧૪ પરમાત્માઓની પ્રતિષ્ઠા,છ'રી પાલક સંઘયાત્રા, ૩ ઉપધાન તપ, ૩ વર્ષીતપ, સાધુ-સાધ્વીજી ભ.ની વૈયાવચ્ચ જેવા અનેક સુકૃતો આપે જીવનભર કર્યા અને છેલ્લે સમાધિ મૃત્યુને વર્યા. પરિવારના ધર્મમય જીવનના ઘડવૈયા, ધર્મપ્રેમી, ધર્માનુરાગી,વાત્સલ્ય મૂર્તિ એવા અજોડ માતુશ્રીને... **અમારા સાદર વંદન !**

### આપના ગુણાનુરાગી

| | | |
|---|---|---|
| પુત્ર-પુત્રવધુઓ | : | અ.સૌ. જ્યોતિ બિપીન દૌલત, અ.સૌ. ધનલક્ષ્મી હરીશ દૌલત, અ.સૌ. શિલ્પા શૈલેષ દૌલત |
| પુત્રી-જમાઈ | : | ગં.સ્વ. હીરાવંતી પ્રતાપ ખોના, ગં.સ્વ. ઈલા દિપક દંડ, અ.સૌ. ગીતા મુકેશ શિઆડ |
| પૌત્ર-પૌત્રવધુ | : | અ.સૌ. દેવાંશી પરિન દૌલત, અ.સૌ. જિયા ભાવિન દૌલત, અ.સૌ. વિધિ હર્ષલ દૌલત |
| પૌત્રી-પૌત્રજમાઈ | : | અ.સૌ. ધ્વનિ પ્રિયેશ લોડાયા, કુ. અવનિ શૈલેષ દૌલત |
| દોહિત્ર-દોહિત્રવધુ | : | અ.સૌ. દીપા પ્રકાશ ખોના, અ.સૌ. ચાંદની હિતેશ ખોના, અ.સૌ. જેસલ ધવલ દંડ |
| દોહિત્રી-દોહિત્રજમાઈ | : | અ.સૌ. સેજલ નેવિલ લોડાયા |
| | | સા. તત્ત્વપ્રજ્ઞાશ્રીજી મ.સા., સા. નિર્વાણપ્રજ્ઞાશ્રીજી મ.સા. |
| પ્રપૌત્રો-પ્રદોહિત્રો | : | કિરણ, નિરવ, દર્શન, ધૃતિ, પ્રિયલ, જિનાજ્ઞા, કલ્પરાજ, દિયા |

**શોકાતુર પરિવાર : રાયશી પુનશી ધુલ્લા પરિવાર (સુથરી) • ભીંચશી કાંચા લાલકા પરિવાર (લાલા)**

if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001. **Editor : Raichand R. Nagda**

To,